# સમ્યક્ત્વ કથા




: પ્રકાશક :
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦

ભગવાન શ્રી કુંદકુંદ-કહાન જૈન શાસ્ત્રમાળા પુષ્પ-૨૪૬

ૐ

नमः सद्‌गुरवे।

# સમ્યક્ત્વ-કથા

: લેખક :

બ્ર. હરિભાઈ જૈન

સહજ ચિદાનંદ.

: પ્રકાશક :

શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ (સૌરાષ્ટ્ર)

website : www.kanjiswami. org

E mail : contact@kanjiswami.org

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

પ્રથમાવૃત્તિ : પ્રત : ૧૦૦૦ ઈ.સ. ૨૦૧૫

સમ્યક્ત્વ-કથા (ગુજરાતી)ના

**સ્થાયી પ્રકાશન પુરસ્કર્તા**

**૧) અશ્વિનભાઈ અંબાલાલ ગાંધીના સ્મરણાર્થે**
**હ. શ્રીપાલ ગાંધી, રાજકોટ**

**(૨) નમન તથા નમિતાબેન ભાવેશભાઈ ભાયાણી,**
**બોરીવલી—મુંબઈ**

આ પુસ્તકની પડતર કિંમત રૂા. ૧૭=૦૦ થાય છે મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની વેચાણ કિંમત રૂા. ૧૦=૦૦ રાખવામાં આવી છે.

**કિંમત ૧૦=૦૦**

મુદ્રક :
**સ્મૃતિ ઓફસેટ**
સોનગઢ (સૌરાષ્ટ્ર)

# પ્રકાશકીય નિવેદન

સમ્યક્ત્વ કથા (ગુજરાતી) આ પ્રથમ આવૃત્તિ પ્રસિદ્ધ કરતાં ઘણો જ હર્ષ થાય છે.

ભગવાન મહાવીરની દિવ્યધ્વનિમાંથી પ્રવાહિત અને કુંદકુંદાદિ આચાર્ય પ્રણિત ગંભીર વચનોનું હાર્દ સમજાવનાર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તદ્‌ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં આત્મસાધનાથી સુવર્ણપુરી પવિત્ર તીર્થધામ બની ગયું છે.

આ પુસ્તકમાં સમ્યક્ત્વના આઠ અંગનું સ્વરૂપ સમજાવ્યું છે. તથા તે દરેક અંગનું પાલન કરવામાં પ્રસિદ્ધ જીવોની આઠ કથા આપવામાં આવી છે, તે સમ્યક્ત્વની આરાધનામાં ઉત્સાહ જગાડે છે. બાળકોને બાળપણથી જ સમ્યગ્દર્શનનો મહિમા જગાડીને તેની આરાધનાના સંસ્કાર રેડવા માટે આ કથાઓ ઉપયોગી છે. એટલું જ નહીં સમસ્ત સમાજમાં જૈનધર્મનો મહિમા, કુસંસ્કારોનો ત્યાગ, પરસ્પર પ્રેમ, વાત્સલ્ય અને પ્રભાવના ફેલાવવા આ પુસ્તકમાંથી પ્રેરણા મળશે. બાળકોમાં કે મોટામાં સૌમાં ઉત્તમ સંસ્કાર અત્યંત સહેલાઈથી રેડવા માટે સાધન હોય તો ‘વાર્તા’ છે, વાર્તાના રસ દ્વારા વીતરાગરસના સંસ્કારોનું સિંચન કરવાનો આ પુસ્તક દ્વારા પ્રયત્ન કર્યો છે.

આ પુસ્તકનું સુંદર લેખન બ્ર. હરિભાઈ જૈન કે જેમણે ઘણી વાર્તાઓની ચોપડીઓ લખી છે તેમણે કરેલ છે. તે બદલ ટ્રસ્ટ તેમનો આભાર માને છે. આ પુસ્તકનું સુંદર મુદ્રણકાર્ય સ્મૃતિ ઑફસેટના માલિક શ્રી નિલયભાઈ જૈને કરી આપેલ છે તે બદલ ટ્રસ્ટ તેનો આભાર માને છે.

વિશ્વાસ છે કે આ પુસ્તક દ્વારા સમ્યક્દર્શનના સર્વે અંગોની પ્રભાવના થશે. બધા બાળકો તથા મોટાઓ આનું વાંચન કરી આત્મહિત માટે આગળ વધશે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો
૧૦૨મો જન્મજયંતી
મહોત્સવ
તા. ૩૧-૮-૨૦૧૫

સાહિત્યપ્રકાશનસમિતિ
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ

સહજ ચિદાનંદ.

# સમ્યગ્દર્શનના આઠ અંગની કથા

સમકિત સહિત આચાર હી સંસારમેં ઈક સાર હૈ,
જિનને કિયા આચરણ ઉનકો નમન સો–સો વાર હૈ;
ઉનકે ગુણોંકે કથનસે ગુણગ્રહણ કરના ચાહીએ,
અરૂ પાપિયોંકા હાલ સુનકે પાપ તજના ચાહીએ.

સમ્યગ્દ્રષ્ટિને શુદ્ધાત્માની અનુભૂતિ સહિત આઠ અંગોનું પાલન હોય છે. રત્નકરંડ–શ્રાવકાચારમાં શ્રી સમન્તભદ્રસ્વામીએ તે આઠ અંગનું પાલન કરવામાં પ્રસિદ્ધ આઠ જીવોનું ઉદાહરણ આપ્યું છે તે નીચે પ્રમાણે છે—

૧. અંજન નિરંજન હુએ જિનને નહીં શંકા ચિત્ત ધરી.
૨. બાઈ અનંતમતિ સતીને વિષય–આશા પરિહરી.
૩. સજ્જન ઉદાયન નૃપતિવરને ગ્લાની જીતી ભાવસે.
૪. સત્ અસત્‌કા કિયા નિર્ણય રેવતીને ચાવસે.
૫. જિનભક્તજીને ચોરકા વહ મહા દૂષણ ઢક દિયા.
૬. જય વારિષેણમુનીશ મુનિકે ચપલ ચિત્તકો સ્થિર કિયા.
૭. સુ વિષ્ણુકુમાર કૃપાલુને મુનિસંઘકી રક્ષા કરી.
૮. જય વજ્રમુનિ જયવંત તુમસે ધર્મમહિમા વિસ્તરી.

મુમુક્ષુઓને સમ્યક્ત્વનો મહિમા જગાડે અને આઠ અંગના પાલનમાં ઉત્સાહ પ્રેરે તે માટે આઠ અંગની આઠ કથાઓ અહીં આપવામાં આવે છે.

❁

# ૧

## નિઃશંકિત—અંગમાં પ્રસિદ્ધ અંજનચોરની કથા

અંજનચોર! તે કાંઈ મૂળથી ચોર ન હતો; તે તો તે જ ભવે મોક્ષ પામનાર એક રાજકુમાર હતો. એનું નામ લલિતકુમાર. અત્યારે તો તે નિરંજન ભગવાન છે, પણ લોકો એને અંજનચોર તરીકે ઓળખે છે.

તે રાજકુમાર લલિતને દુરાચારી જાણીને રાજ્યમાંથી કાઢી મૂક્યો હતો. તેણે એક એવું અંજન સિદ્ધ કર્યું હતું કે કે જે આંજવાથી પોતે અદૃશ્ય થઈ જાય; તે અંજનને લીધે તેને ચોરી કરવાનું સહેલું થઈ ગયું અને તે અંજનચોર તરીકે પ્રસિદ્ધ થયો. ચોરી ઉપરાંત જુગાર અને વેશ્યાગમન જેવા મહાન પાપ પણ તે કરતો હતો.

એક વાર તેની પ્રેમિકા સ્ત્રીએ રાણીનો સુંદર રત્નહાર દેખ્યો અને તેને એ હાર પહેરવાનું મન થયું. જ્યારે અંજનચોર તેની પાસે આવ્યો ત્યારે તેને કહ્યું કે જો તમને મારા ઉપર સાચો પ્રેમ હોય તો તે રત્નહાર મને લાવી આપો.

અંજન કહે—દેવી! મારે માટે તો તે રમત વાત છે. એમ કહીને તે તો ચૌદસની અંધારી રાતે રાજમહેલમાં ઘૂસ્યો ને રાણીના ગળામાંથી હાર ઝૂંટવીને ભાગ્યો.

રાણીનો અમૂલ્ય રત્નહાર ચોરાઈ જવાથી ચારેકોર

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



હાહાકાર થઈ ગયો. સિપાઈઓ દોડ્યા; તેમને ચોર તો દેખાતો ન હતો પણ તેના હાથમાં રહેલો હાર અંધારામાં ઝગમગતો હતો; તે દેખીને સિપાઈઓએ તેનો પીછો પકડ્યો. પકડાઈ જવાની બીકે હાર દૂર ફેંકીને અંજનચોર ભાગ્યો...ને સ્મશાનમાં જઈ પહોંચ્યો. એક ઝાડ નીચે થાક ખાવા ઊભો, ત્યાં તો તેણે એક આશ્ચર્યકારી ઘટના દેખી.

ઝાડ ઉપર એક શીકું ટાંગીને એક માણસ તેમાં ચડ–ઉતર કરતો હતો ને કંઈક બોલતો હતો. કોણ છે એ માણસ ? ને આવી અંધારી રાતે અહીં શું કરે છે ?

(વાંચક ! ચાલો, આપણે અંજનચોરને થોડીવાર ઊભો રાખીને તે અજાણ્યા માણસને ઓળખી લઈએ.)

અમિતપ્રભ અને વિદ્યુત્પ્રભ નામના બે દેવ પૂર્વભવના મિત્રો હતા. અમિતપ્રભ તો જૈનધર્મનો ભક્ત હતો ને વિદ્યુત્પ્રભ હજી કુધર્મમાં માનતો હતો. એક વખત તેઓ ધર્મની પરીક્ષા માટે નીકળ્યા. એક અજ્ઞાની તાપસને તપ કરતો દેખીને તેની પરીક્ષા કરવા કહ્યું : અરે બાવાજી ! પુત્ર વિના સદ્ગતિ થાય નહીં–એમ શાસ્ત્રમાં કહ્યું છે. આ સાંભળી તે તાપસ તો તે ખોટાધર્મની શ્રદ્ધાથી વૈરાગ્ય છોડીને સંસાર ભોગવવા લાગ્યો; આ દેખીને વિદ્યુત્પ્રભને તે કુગુરુની શ્રદ્ધા છૂટી ગઈ.

પછી તેણે કહ્યું કે હવે જૈનગુરુની પરીક્ષા કરીએ !

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ત્યારે અમિતપ્રભે તેને કહ્યું–મિત્ર! જૈનસાધુઓ પરમ વીતરાગ હોય છે; એની તો શી વાત!! એની પરીક્ષા તો દૂર રહો–પરંતુ આ જિનદત્ત નામના એક શ્રાવક સામાયિકની પ્રતિજ્ઞા કરીને અંધારી રાતે આ સ્મશાનમાં એકલા ધ્યાન કરી રહ્યા છે, તેની તમે પરીક્ષા કરો.

તે દેવે અનેક પ્રકારે ભયાનક ઉપદ્રવ કર્યો પણ જિનદત્ત શેઠ તો પોતાની સામાયિકમાં પર્વતની જેમ અડગ જ રહ્યા; પોતાના આત્માની શાંતિમાંથી તેઓ જરાપણ ન ડગ્યા. અનેક પ્રકારના ભોગવિલાસ બતાવ્યા, તેમાં પણ તેઓ ન લલચાયા. એક જૈનશ્રાવકમાં પણ આવી દ્રઢતા દેખીને તે દેવ ઘણો પ્રસન્ન થયો. પછી શેઠે તેને જૈનધર્મનો મહિમા સમજાવ્યો કે દેહથી ભિન્ન આત્મા છે તેના અવલંબને જીવ અપૂર્વ શાંતિ અનુભવે છે ને તેના જ અવલંબને તે મુક્તિ પામે છે. આથી તે દેવને પણ જૈનધર્મની શ્રદ્ધા થઈ. શેઠનો ઉપકાર માનીને, તેને આકાશગામિની વિદ્યા આપી.

તે આકાશગામિની વિદ્યાવડે જિનદત્તશેઠ દરરોજ મેરુતીર્થ પર જતા અને ત્યાં અદ્‌ભુત રત્નમય જિનબિંબના તથા ચારણ ઋદ્ધિધારી મુનિવરોનાં દર્શન કરતા; આથી તેમને ઘણો જ આનંદ થતો.

એકવાર સોમદત્ત નામના માળીના પૂછવાથી શેઠે તેને આકાશગામિની વિદ્યાની વાત કરી અને રત્નમય જિનબિંબનાં ઘણાં વખાણ કર્યાં. તે સાંભળીને માળીને પણ તેનાં દર્શન

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

કરવાની ભાવના જાગી અને પોતાને આકાશગામિની વિદ્યા શીખવવા કહ્યું. શેઠે તેને તે વિદ્યા સાધવાનું શીખવ્યું. તે પ્રમાણે અંધારી ચૌદશની રાતે સ્મશાનમાં જઈને તેણે ઝાડ સાથે શીકું લટકાવ્યું અને નીચે જમીન પર તીક્ષ્ણ અણીદાર ભાલાં ખોડ્યા. હવે આકાશગામિની વિદ્યાને સાધવા માટે શિકામાં બેસીને પંચ નમસ્કારમંત્ર વગેરે મંત્ર બોલીને તેણે શીકાની દોરી કાપી નાંખવાની હતી. પણ નીચે ભાલાં દેખીને તેને બીક લાગતી હતી, ને મંત્રમાં શંકા પડતી હતી કે કદાચ મંત્ર સાચો ન પડે ને હું નીચે પડું તો મારું શરીર ભાલાથી વીંધાઈ જાય! આમ, શંકાને લીધે તે નીચે ઊતરી જતો; ને વળી પાછો એમ વિચાર આવતો કે શેઠે કહ્યું તે સાચું હશે! એમ વિચારીને પાછો શીકામાં બેસતો. આમ વારંવાર તે શીકામાં ચડઉતર કરતો હતો; પણ તે નિઃશંક થઈને તે દોરી કાપી શકતો ન હતો. (જેમ ચૈતન્યભાવની નિઃશંકતા વગર શુદ્ધ-અશુદ્ધના વિકલ્પો વચ્ચે ઝૂલતો જીવ નિર્વિકલ્પ અનુભવરૂપ આત્મવિદ્યાને સાધી શકતો નથી, તેમ મંત્રનાં સંદેહમાં ઝૂલી રહેલો તે માળી મંત્રને સાધી શકતો ન હતો.)

એવામાં અંજનચોર ભાગતો ભાગતો ત્યાં આવી પહોંચ્યો અને માળીને આવી વિચિત્રક્રિયા કરતો દેખીને તેણે પૂછ્યું—'એલા ભાઈ! આવી અંધારી રાતે આ તમે શું કરો છો? સોમદત્ત માળીએ તેને બધી વાત કરી. તે સાંભળતાવેંત તેને મંત્ર પર પરમ વિશ્વાસ બેસી ગયો અને કહ્યું કે લાવો! હું

એ મંત્ર સાધું. એમ કહીને શ્રદ્ધાપૂર્વક મંત્ર બોલીને તેણે નિઃશંકપણે શીકાની દોરી કાપી નાંખી.....આશ્ચર્ય! નીચે પડવાને બદલે વચમાં જ દેવીઓએ તેને ઝીલી લીધો અને કહ્યું કે મંત્ર પર તમારી નિઃશંક શ્રદ્ધાને લીધે તમને આકાશગામિની વિદ્યા સિદ્ધ થઈ છે હવે આકાશમાર્ગે તમે જ્યાં જવું હોય ત્યાં જઈ શકો છો.

અંજન તો હવે ચોર મટીને જૈનધર્મનો ભક્ત બન્યો. તેણે કહ્યું કે જિનદત્તશેઠના પ્રતાપે મને આ વિદ્યા મળી છે, તેથી તેઓ જે ભગવાનના દર્શન કરવા જાય છે તે ભગવાનનાં દર્શન કરવાની મારી ઈચ્છા છે ને ત્યાં જઈને તેઓ શું કરે છે તે જોવાની મારી ઈચ્છા છે.

(બંધુઓ, અહીં એક વાત ખાસ લક્ષમાં લેવા જેવી છે કે અંજનચોરને આકાશગામિની વિદ્યા સિદ્ધ થઈ ત્યારે તેને ચોરીના ધંધા માટે તે વિદ્યાનો ઉપયોગ કરવાની દુર્બુદ્ધિ ન જાગી પણ જિનબિંબના દર્શન વગેરે ધર્મકાર્યમાં જ તેનો ઉપયોગ કરવાની સદ્બુદ્ધિ તેને સૂઝી...એ જ તેના પરિણામનો પલટો સૂચવે છે, અને આવી ધર્મરુચિના બળે આગળ વધીને તે સમ્યગ્દર્શનાદિ પામે છે. તે હવે આપ જોશો.)

વિદ્યા સિદ્ધ થતાં અંજને વિચાર્યું કે અહા! જે જૈનધર્મના એક નાનકડા મંત્રથી મારા જેવા ચોરને પણ આવી વિદ્યા સિદ્ધ થઈ તો તે જૈનધર્મ કેવો મહાન હશે! તેનું સ્વરૂપ કેટલું પવિત્ર હશે! ચાલ, જે શેઠના પ્રતાપે મને આ વિદ્યા મળી

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



તે જ શેઠ પાસે જઈને હું તે ધર્મનું સ્વરૂપ સમજું અને તેમની પાસેથી એવો મંત્ર શીખું કે જેનાથી મોક્ષની પ્રાપ્તિ થાય— આમ વિચારી વિદ્યાના બળે તે મેરુપર્વત પર પહોંચ્યો.

ત્યાં રત્નોના અદ્ભુત અરિહંતભગવંતોની વીતરાગતા દેખીને તે ઘણો પ્રસન્ન થયો. જિનદત્તશેઠ તે વખતે મુનિવરોનો ઉપદેશ સાંભળી રહ્યા હતા. અંજને તેમનો ઘણો ઉપકાર માન્યો. મુનિરાજનો ઉપદેશ સાંભળીને શુદ્ધાત્માનું સ્વરૂપ સમજી, તેની નિઃશંકશ્રદ્ધાપૂર્વક નિર્વિકલ્પ અનુભવ કરીને તે સમ્યગ્દર્શન પામ્યો. એટલું જ નહીં, પૂર્વના પાપોનો પશ્ચાત્તાપ કરીને તેણે મુનિરાજ પાસે દીક્ષા લીધી; સાધુ થઈને આત્મધ્યાન કરતાં કરતાં તેણે કેવળજ્ઞાન પ્રગટ કર્યું ને છેવટે કૈલાસગિરિપરથી મોક્ષ પામીને તેઓ સિદ્ધ થયા... 'અંજન'માંથી તેઓ 'નિરંજન' બની ગયા. તેમને નમસ્કાર હો.

(આ કથા, જૈનધર્મની નિઃશંક શ્રદ્ધા કરીને તેની આરાધના કરવાનું આપણને શીખવે છે.)

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

## સમ્યગ્દષ્ટિનાં નિઃશંકતાદિ આઠ ગુણનું વર્ણન

સમ્યગ્દર્શનનો અદ્ભુત મહિમા છે. પરદ્રવ્યોથી ભિન્ન પોતાના શુદ્ધ એકત્વસ્વરૂપ આત્માની રુચિ–અનુભૂતિ–શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. એવા સમ્યગ્દર્શનની સાથે જિનવચનમાં નિઃશંકતા વગેરે આઠ ગુણ હોય છે, તેનું આ વર્ણન છે—

૧. જિનવચનમાં શંકા ન કરવી.

૨. ધર્મના ફળમાં સંસારસુખની વાંછા ન કરવી.

૩. મુનિનું શરીર વગેરે મલિન દેખીને ધર્મપ્રત્યે ઘૃણા ન કરવી.

૪. તત્ત્વ અને કુતત્ત્વ, વીતરાગદેવ અને કુદેવ, સાચા ગુરુ અને કુગુરુ વગેરેના સ્વરૂપની ઓળખાણ કરવી, તેમાં મૂઢતા ન રાખવી.

૫. પોતાના ગુણને તથા અન્ય સાધર્મીના અવગુણને ઢાંકે અને વીતરાગભાવરૂપ જૈનધર્મની વૃદ્ધિ કરે, તેનું નામ ઉપગૂહન (અથવા ઉપબૃંહણ) અંગ છે.

૬. કામવાસના વગેરેને કારણે પોતાનો કે પરનો આત્મા ધર્મથી ડગી જવાનો કે શિથિલ થવાનો પ્રસંગ હોય તો

વૈરાગ્યભાવના વડે કે ધર્મની મહિમા વડે પોતાને કે પરને ધર્મમાં સ્થિર કરે, દઢ કરે તે સ્થિતિકરણ છે.

૭. પોતાના સાધર્મીજનો પ્રત્યે ગાય–વાછરડા સમાન સહજ આત્મભાવ રાખવો તે વાત્સલ્ય છે.

૮. પોતાની શક્તિવડે જૈનધર્મની શોભા વધારવી, તેનો મહિમા પ્રસિદ્ધ કરીને તેને દીપાવવો, તે પ્રભાવના છે.

આવા નિ:શંકતા વગેરે આઠ ગુણો વડે સમ્યગ્દષ્ટિ જીવ શોભે છે; તેમાં નિશંકતાઅંગનું પાલન કરનાર અંજનચોરની વાર્તા તમે હમણાં વાંચી. તે નિ:શંકતા–અંગનું વર્ણન હવે આપ વાંચો.

## (૧) નિઃશંકતા–અંગનું વર્ણન

સર્વજ્ઞ જિનદેવે જેવા કહ્યા તેવા જ જીવાદિ તત્ત્વો છે, તેમાં ધર્મીને શંકા હોતી નથી. સર્વજ્ઞના સ્વરૂપનો નિર્ણય તો કર્યો છે એટલે ઓળખાણપૂર્વકની નિ:શંકતાની આ વાત છે. ઓળખ્યા વગર માની લેવાની આ વાત નથી. જીવ શું, અજીવ શું વગેરે તત્ત્વો તો અરિહંતદેવે કહ્યા તે પ્રમાણે પોતે સમજીને તેની નિ:શંક શ્રદ્ધા કરે અને કોઈ સૂક્ષ્મ તત્ત્વ ન સમજાય તે વિશેષ સમજવા માટે જિજ્ઞાસાથી પ્રશ્નરૂપ શંકા કરે, તેથી કાંઈ તેને જિનવચનમાં સંદેહ નથી. સર્વજ્ઞકથિત જૈનશાસ્ત્રોમાં કહ્યું છે તે સાચું હશે કે અત્યારના વિજ્ઞાનીઓ કહે છે તે સાચું હશે!—એવો સંદેહ ધર્મીને રહેતો નથી. અહા! જેને

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



સર્વજ્ઞસ્વભાવ પ્રતીતમાં આવ્યો, પરમ અતીન્દ્રિયવસ્તુ પ્રતીતમાં આવી, તેને સર્વજ્ઞના કહેલાં તત્ત્વો—છ દ્રવ્યો, ઉત્પાદ-વ્યય-ધ્રુવ, દ્રવ્ય-ગુણ-પર્યાય વગેરે (ભલે તે બધા પોતાને પ્રત્યક્ષ ન હોય છતાં) તેમાં શંકા ન હોય. નિશ્ચયમાં પોતાના જ્ઞાનસ્વભાવરૂપ આત્માની પરમ નિઃશંકતા છે ને વ્યવહારમાં દેવ-ગુરુ-ધર્મમાં નિઃશંકતા છે. જૈનધર્મ એક જ સાચો હશે કે જગતમાં બીજા ધર્મો કહેવાય છે તે સાચાં હશે !—એવી જેને શંકા છે તેને તો સ્થૂળ મિથ્યાત્વ છે, તેને વ્યવહારધર્મની નિઃશંકતા પણ નથી. વીતરાગી જૈનધર્મ સિવાય બીજા કોઈ માર્ગની માન્યતા તો ધર્મીને રૂવાંડેય ન હોય.

જેમ માતાના ખોળામાં બાળક નિઃશંક છે કે આ માતા મારું હિત કરશે; તેને શંકા નથી કે કોઈ મારશે તો માતા મને બચાવશે કે નહીં? તેમ જિનવાણીમાતાની ગોદમાં ધર્મી નિઃશંક હોય છે કે આ જિનવાણી મને સત્યસ્વરૂપ બતાવીને મારું હિત કરનારી છે. સંસારથી તે મારી રક્ષા કરશે. આવી જિનવાણીમાં તેને સંદેહ પડતો નથી. પરમેશ્વર વીતરાગ સર્વજ્ઞ અરિહંત પરમાત્મા જેમણે કેવળજ્ઞાનનાં વીતરાગભાવે આખા વિશ્વને સાક્ષાત્ જોયું, તે પરમાત્માને ઓળખીને તેમાં નિઃશંક થવું ને તેમણે કહેલા માર્ગમાં તથા તેમણે કહેલા તત્ત્વોમાં નિઃશંક થવું, તે નિઃશંકતા—ગુણ છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# ૨ નિઃકાંક્ષિત—અંગમાં પ્રસિદ્ધ અનંતમતિની કથા

અનંતમતિ ! ચંપાપુરના પ્રિયદત્ત શેઠ તેના પિતા અને અંગવતી તેની માતા. તેઓ જૈનધર્મના પરમ ભક્ત અને વૈરાગી ધર્માત્મા હતા. તેમના ઉત્તમસંસ્કાર અનંતમતિને પણ મળ્યા હતા.

અનંતમતિ હજી તો સાત-આઠ વર્ષની બાલિકા હતી ને ઢીંગલા—ઢીંગલીની રમત રમતી હતી. એવામાં એકવાર અષ્ટાહ્નિકા વખતે ધર્મકીર્તિ મુનિરાજ પધાર્યા અને સમ્યગ્દર્શનનાં આઠ અંગનો ઉપદેશ આપ્યો; તેમાં નિઃકાંક્ષિતગુણનો ઉપદેશ આપતાં કહ્યું કે—

હે જીવો ! સંસારના સુખની વાંછા છોડીને આત્માના ધર્મની આરાધના કરો. ધર્મના ફળમાં જે સંસારસુખની ઈચ્છા કરે છે તે મૂર્ખ છે. સમ્યક્ત્વ કે વ્રતના બદલામાં મને દેવની કે રાજની વિભૂતિ મળો—એમ જે વાંછા કરે છે તે તો સંસારસુખના બદલામાં સમ્યક્ત્વાદિ ધર્મને વેચી દે છે. છાશના બદલામાં રત્ન-ચિંતામણિ વેચી દેનાર જેવો મૂર્ખ છે. અહા ! પોતામાં જ ચૈતન્ય—ચિંતામણિ જેણે દેખ્યો તે બાહ્યવિષયોની વાંછા કેમ કરે ?

અનંતમતિના માતા-પિતા પણ મુનિરાજનો ઉપદેશ સાંભળવા આવ્યા હતા અને અનંતમતિને પણ સાથે લાવ્યા

હતા. ઉપદેશ બાદ તેમણે આઠ દિવસનું બ્રહ્મચર્યવ્રત લીધું અને ગમ્મતમાં અનંતમતિને કહ્યું કે તું પણ આ વ્રત લઈ લે. નિર્દોષ અનંતમતિએ કહ્યું :'ભલે, હું શીલવ્રત અંગીકાર કરું છું.'

એ પ્રસંગને કેટલાક વર્ષો વીતી ગયા. અનંતમતિ હવે યુવાન થઈ, તેનું રૂપ સોળકળાએ ખીલી ઊઠ્યું. રૂપની સાથે ધર્મના સંસ્કારો પણ ખીલતા ગયા.

એક વાર સખીઓ સાથે તે બાગમાં હરવા-ફરવા ગઈ હતી ને એક ઝૂલા પર ઝૂલી રહી હતી. એવામાં ત્યાંથી એક વિદ્યાધરરાજા નીકળ્યો ને અનંતમતિનું અદ્‌ભુતરૂપ દેખીને તે મોહિત થઈ ગયો, એટલે વિમાનમાં તેને ઉપાડી ગયો. પણ એવામાં તેની રાણી આવી પહોંચી તેથી ભયભીત થઈને તે વિદ્યાધરે અનંતમતિને એક ભયંકર વનમાં છોડી દીધી. આમ, કુદરતયોગે એક દુષ્ટ રાજાના પંજામાંથી એની રક્ષા થઈ.

હવે, ઘોરવનમાં પડેલી અનંતમતિ પંચપરમેષ્ઠીનું સ્મરણ કરતી જાય છે ને ભયભીત થઈને રુદન કરે છે કે અરે! આ જંગલમાં હું ક્યાં જાઉં? શું કરું! અહીં કોઈ માણસ તો દેખાતું નથી....

એવામાં તે જંગલનો રાજા ભીલ શીકાર કરવા નીકળેલો, તેણે અનંતમતિને દેખી...અરે! આ તે કોઈ વનદેવી છે કે શું? આવી અદ્‌ભુત સુંદરી દૈવયોગે મને મળી છે–એમ તે દુષ્ટ પણ તેના પર મોહિત થઈ ગયો ને તેને પોતાના ઘરે લઈ

ગયો અને તેને કહ્યું—'હે દેવી ! હું તારા પર મુગ્ધ થયો છું અને તને મારી રાણી બનાવવા ઈચ્છું છું....તું મારી આશા પૂરી કર.'

નિર્દોષ અનંતમતિ તો એ પાપીની વાત સાંભળતા જ ધ્રૂસકે ધ્રૂસકે રોવા લાગી...અરે ! હું શીલવ્રતની ધારક...ને મારા ઉપર આ શું થઈ રહ્યું છે ! જરૂર પૂર્વે કોઈ ગુણીજનોના શીલ પર મેં ખોટા આળ નાખ્યા હશે કે તેમનો અનાદર કર્યો હશે; તે દુષ્ટકર્મને લીધે અત્યારે જ્યાં જાઉં ત્યાં મારા ઉપર આવી વિપત્તિ આવી પડે છે. પણ, હવે વીતરાગધર્મનું મેં શરણ લીધું છે, એના પ્રતાપે શીલવ્રતથી હું ડગવાની નથી; અંતે દેવો પણ મારા શીલની રક્ષા કરશે. ભલે પ્રાણ જાય પણ હું મારા શીલને નહીં છોડું.

તેણે ભીલને કહ્યું : 'અરે દુષ્ટ ! તારી દુર્બુદ્ધિને છોડ. તારા ધનવૈભવથી હું કદી લલચાવાની નથી; તારા ધનવૈભવને હું ધિક્કારું છું.'

અનંતમતિની આવી દૃઢ વાત સાંભળીને ભીલરાજા ગુસ્સે થયો ને નિર્દયપણે તેના પર બળાત્કાર કરવા તૈયાર થયો....

એવામાં અચાનક જાણે આકાશ ફાટ્યું ને એક મહાદેવી ત્યાં પ્રગટ થઈ...એનું દૈવી તેજ તે દુષ્ટ ભીલ સહન ન કરી શક્યો, તેના હોશકોશ ઊડી ગયા...ને હાથ જોડીને ક્ષમા માંગવા લાગ્યો. દેવીએ કહ્યું—'આ મહાન શીલવ્રતી સતી છે,

તેને જરાપણ સતાવીશ તો તારું મોત થઈ જશે!’ અને અનંતમતિ પર હાથ મૂકીને કહ્યું–‘બેટી! ધન્ય છે તારા શીલને; તું નિર્ભય રહેજે! શીલવાન સતીનો એક વાળ પણ વાંકો કરવા કોઈ સમર્થ નથી.’ આમ કહીને તે દેવી અદ્રશ્ય થઈ ગઈ.

ભયભીત થયેલો તે ભીલ અનંતમતિને લઈને ગામમાં એક શેઠને ત્યાં વેચી આવ્યો. તે શેઠે પહેલાં તો એમ કહેલું કે હું અનંતમતિને તેના ઘેર પહોંચાડી દઈશ; પરંતુ તે પણ અનંતમતિનું રૂપ દેખીને કામાંધ થઈ ગયો ને કહેવા લાગ્યો– ‘હે દેવી! તારા હૃદયમાં તું મને સ્થાન દે...અને મારા આ અપાર ધનવૈભવને તું ભોગવ.’

એ પાપીની વાત સાંભળતાં જ અનંતમતિ સ્તબ્ધ થઈ ગઈ...અરે! વળી આ શું થયું? તે સમજાવવા લાગી કે હે શેઠ! આપ તો મારા પિતાતુલ્ય છો. દુષ્ટ ભીલ પાસેથી અહીં આવતા હું તો એમ સમજતી હતી કે મારા પિતા મળ્યા...ને તમે મને મારા ઘરે પહોંચાડશો. અરે! તમે ભલા માણસ થઈને આવી નીચ વાત કેમ કરો છો? આ તમને શોભતું નથી; માટે, આવી પાપબુદ્ધિ છોડો.

ઘણું સમજાવવા છતાં દુષ્ટ શેઠ ન સમજ્યો ત્યારે અનંતમતિએ વિચાર્યું કે આ દુષ્ટ પાપીનું હૃદય વિનય પ્રાર્થના વડે નહીં પીગળે...એટલે ક્રોધદૃષ્ટિપૂર્વક તે સતીએ કહ્યું કે અરે! દુષ્ટ! કામાંધ! તું દૂર જા...હું તારું મોઢું પણ જોવા માગતી નથી.

સતીનો ક્રોધ દેખીને શેઠ પણ ભયભીત થઈ ગયો ને એની અક્કલ ઠેકાણે આવી ગઈ. ગુસ્સાપૂર્વક તેણે અનંતમતિને કામસેના નામની એક વેશ્યાને ત્યાં સોંપી દીધી.

અરે! ક્યાં ઉત્તમ સંસ્કારવાળા માતા-પિતાનું ઘર ને ક્યાં આ વેશ્યાનું ઘર!! અનંતમતિના અંતરમાં વેદનાનો પાર નથી; પણ પોતાના શીલવ્રતમાં તે અડગ છે. સંસારના વૈભવો દેખીને ક્યાંય તેનું મન લલચાતું નથી.

આવી સુંદરી પોતાને પ્રાપ્ત થવાથી કામસેના વેશ્યા ઘણી ખુશી થઈ ને પોતાને ઘણી કમાણી થશે એમ સમજીને તે અનંતમતિને ભ્રષ્ટ કરવાનો પ્રયત્ન કરવા લાગી. તેણે અનેક પ્રકારે કામોત્તેજક વાતો કરી, ઘણી લાલચ આપી, ઘણો ત્રાસ આપ્યો પણ અનંતમતિ તો પોતાના શીલધર્મથી રંચમાત્ર ન ડગી. કામસેનાને તો એવી આશા હતી કે આ યુવાન સ્ત્રીનો વેપાર કરીને હું ઘણું કમાઈશ પણ એની આશા ઉપર પાણી ફરી વળ્યું. એ બિચારી વિષયલોલુપ બાઈને ક્યાંથી ખબર હોય કે આ યુવાન બાઈએ તો ધર્મની ખાતર પોતાનું જીવન અર્પી દીધું છે ને સંસારના કોઈ વિષયભોગની તેને જરાય આકાંક્ષા નથી; સંસારના ભોગો પ્રત્યે તેનું ચિત્ત એકદમ નિઃકાંક્ષ છે. શીલની રક્ષા કરતાં ગમે તેવું દુઃખ આવી પડે તેનો તેને ભય નથી. અહા! જેનું ચિત્ત નિઃકાંક્ષ છે તે ભયવડે પણ સંસારના સુખને કેમ ઈચ્છે? જેણે પોતાના આત્મામાં જ પરમસુખનાં નિધાન દેખ્યાં છે તે ધર્માત્મા, ધર્મના ફળમાં

સંસારના દેવાદિક વૈભવના સુખને સ્વપ્નેય વાંછતા નથી— એવા નિઃકાંક્ષ છે; તેમ અનંતમતિએ પણ શીલગુણની દૃઢતાને લીધે સર્વે વૈભવની આકાંક્ષા છોડી દીધી. કોઈપણ વૈભવથી લલચાયા વગર તે શીલમાં અડગ રહી. અહા! સ્વભાવના સુખ પાસે સંસારના સુખને કોણ વાંછે? ખરેખર, સંસારના સુખની વાંછાથી છૂટીને નિઃકાંક્ષ થયેલી અનંતમતિની આ દશા એમ સૂચવે છે કે તેના પરિણામનો પ્રવાહ હવે સ્વભાવસુખ તરફ ઝૂકી રહ્યો છે. આવા ધર્મસન્મુખ જીવો સંસારનાં દુઃખથી કદી ડરતા નથી ને પોતાનો ધર્મ કદી છોડતા નથી. સંસારના સુખને વાંછનારો જીવ પોતાના ધર્મમાં અડગ રહી શકતો નથી, દુઃખથી ડરીને તે ધર્મને પણ છોડી દે છે.

જ્યારે કામસેનાએ જાણ્યું કે આ અનંતમતિ કોઈપણ રીતે તાબે થવાની નથી, ત્યારે તેણે ઘણું ધન લઈને સિંહરાજ નામના રાજાને સોંપી દીધી.

બિચારી અનંતમતિ!—જાણે સિંહના જડબામાં જઈ પડી! વળી પાછી તેના પર નવી આફત આવી. દુષ્ટ સિંહરાજા પણ તેના પર મોહિત થયો. પણ, અનંતમતિએ તેનો તિરસ્કાર કર્યો. વિષયાંધ બનેલો તે પાપી અભિમાનપૂર્વક સતી પર બલાત્કાર કરવા તૈયાર થયો પણ ક્ષણમાં એનું અભિમાન ઉતરી ગયું.—સતીના પુણ્યપ્રતાપે (નહીં—શીલપ્રતાપે ) વનદેવી ત્યાં હાજર થઈ ને દુષ્ટ રાજાને શિક્ષા કરતા કહ્યું કે ખબરદાર...ભૂલેચૂકે પણ આ સતીને હાથ લગાડીશ નહીં.

સિંહરાજા તો દેવીને દેખતાં જ શિયાળ જેવો થઈ ગયો. તેનું હૃદય ભયથી કંપી ઊઠ્યું; તેણે માફી માંગી અને સેવકને તરત જ બોલાવી ને અનંતમતિને માનસહિત જંગલમાં મૂકી આવવાનું કહ્યું.

હવે, અજાણ્યા જંગલમાં ક્યાં જવું? એનો કાંઈ અનંતમતિને પત્તો નથી. આટલા આટલા ઉપદ્રવોની વચ્ચે પણ પોતાના શીલધર્મની રક્ષા થઈ તેના સંતોષપૂર્વક, ઘોર જંગલની વચ્ચે પંચપરમેષ્ઠીનું સ્મરણ કરતી તે આગળ વધી. તેના મહાન ભાગ્યે થોડીવારમાં તેણે આર્યિકાઓનો સંઘ દેખ્યો. અત્યંત આનંદપૂર્વક તે આર્યિકામાતાના શરણમાં ગઈ. અહા! વિષયલોલુપ સંસારમાં જેને ક્યાંય શરણ ન મળ્યું તેણે વીતરાગમાર્ગી સાધ્વીનું શરણ લીધું; તેમના આશ્રયે આંસુભીની આંખે તેણે પોતાની વીતેલકથા કહી. તે સાંભળીને ભગવતી આર્યિકામાતાએ વૈરાગ્યપૂર્વક તેને આશ્વાસન આપ્યું ને તેના શીલની પ્રશંસા કરી. ભગવતી માતાના શરણમાં રહીને તે અનંતમતિ શાંતિપૂર્વક પોતાનું આત્મસાધન કરવા લાગી.

✽ ✽ ✽

હવે, આ તરફ ચંપાપુરીમાં જ્યારે વિદ્યાધર તેને ઉપાડી ગયો ત્યારે તેનાં માતા-પિતા ખૂબ દુઃખી થયા. પુત્રીના વિયોગથી ખેદખિન્ન થયેલા ચિત્તને શાંત કરવા તેઓ તીર્થયાત્રા કરવા નીકળ્યા. યાત્રા કરતાં કરતાં તીર્થંકર ભગવંતોની જન્મપુરી અયોધ્યાનગરીમાં આવી પહોંચ્યા.

પ્રિયદત્તના સાળા (અનંતમતિના મામા) જિનદત્ત શેઠ અહીં જ રહેતા હતા. ત્યાં આવતાંવેંત આંગણામાં એક સુંદર રંગોળી દેખીને પ્રિયદત્ત શેઠની આંખમાંથી આંસુની ધાર ચાલી; પોતાની વહાલી પુત્રીને યાદ કરીને તેમણે કહ્યું કે મારી પુત્રી અનંતમતિ પણ આવી જ રંગોળી કાઢતી હતી; માટે જેણે આ રંગોળી કાઢી હોય તેની પાસે મને લઈ જાવ.

હવે એ રંગોળી કાઢનાર બીજું કોઈ ન હતું પણ અનંતમતિ પોતે જ હતી. પોતાના મામાને ત્યાં ભોજન કરવા આવી ત્યારે તેણે આ રંગોળી કાઢી હતી ને પાછી તે આર્યિકાસંઘમાં ચાલી ગઈ હતી. તરત જ સૌ તે સંઘમાં પહોંચ્યા. પોતાની પુત્રીને દેખીને અને તેની વીતકકથા સાંભળીને શેઠ ગદ્‌ગદ્ થઈ ગયા અને કહ્યું : 'બેટી! તેં બહુ કષ્ટ ભોગવ્યાં, હવે અમારી સાથે ઘેર ચાલ...ને તારા લગ્નની તૈયારી કરીએ.'

સહજ ચિદાનંદ.

લગ્નનું નામ સાંભળતાં જ અનંતમતિ ચમકી અને બોલી ઊઠી : 'પિતાજી! તમે આ શું કહો છો? મેં તો બ્રહ્મચર્યવ્રત લીધું છે ને આપ પણ તે જાણો છો. આપે જ મને તે વ્રત અપાવ્યું હતું.'

પિતાજી કહે : 'બેટી, એ તો તારી નાનપણની ગમ્મત હતી; તેમ છતાં તે ગમ્મતની પ્રતિજ્ઞાને પણ તું સત્ય માનતી હો તોપણ તે વખતે આઠ જ દિવસ પૂરતી પ્રતિજ્ઞાની વાત હતી; માટે હવે તું લગ્ન કર.'

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



અનંતમતિએ દૃઢતાથી કહ્યું : 'પિતાજી! આપ ભલે આઠ દિવસનું સમજ્યા હો પણ મેં તો મારા મનથી આજીવન પ્રતિજ્ઞા ધારણ કરી છે. મારી પ્રતિજ્ઞા હું પ્રાણાન્તે પણ તોડીશ નહીં. માટે, આપ લગ્નનું નામ ન લેશો.'

છેવટે પિતાજીએ કહ્યું : 'ભલે બેટી, જેવી તારી ખુશી. પણ હવે, તું અમારી સાથે ઘેર ચાલ અને ત્યાં ધર્મધ્યાન કરજે.'

ત્યારે અનંતમતિ કહે છે—'પિતાજી! આ સંસારની લીલા મેં જોઈ લીધી. સંસારમાં ભોગ—લાલસા સિવાય બીજું શું છે? એનાથી હવે બસ થાઓ. પિતાજી! આ સંસારસંબંધી કોઈ ભોગોની મને આકાંક્ષા નથી. હું તો હવે દીક્ષા લઈને આર્જિકા થઈશ ને આ ધર્માત્મા-આર્જિકાઓની સાથે રહીને મારા આત્મિક સુખને સાધીશ.'

પિતાએ તેને રોકવા ખૂબ પ્રયત્ન કર્યો પણ જેના રોમ-રોમમાં વૈરાગ્ય છવાઈ ગયો હોય તે આવા અસાર સંસારમાં કેમ રહે? સંસારસુખોને સ્વપ્ને પણ ન ઈચ્છનારી એવી તે અનંતમતિ નિઃકાંક્ષભાવનાનાં દૃઢ સંસ્કારબળે મોહબંધનને તોડીને વીતરાગધર્મને સાધવા તત્પર બની હતી. તેણે ફરીને માતા-પિતાને સંબોધીને કહ્યું : 'હે પિતાજી! હે માતાજી! સંસારમાં કઈ વસ્તુ આ જીવે નથી ભોગવી? ક્યા વિષયો આ જીવે નથી ભોગવ્યા? છતાં જીવને તેમાંથી કિંચિત્ પણ સુખ મળ્યું નથી. અરે! એ વિષયો તો એંઠ જેવા છે. તેનું ફળ વિષ જેવું છે. જુઓને, વિષયલાલસાથી જગત કેવું દુઃખી છે! એ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

વિદ્યાધર, એ ભીલ, એ શેઠ, એ વેશ્યા ને એ સિંહરાજા– બધાએ વિષયોની લંપટતાથી મને હેરાન કરવામાં કાંઈ બાકી નથી રાખ્યું; પણ જૈનધર્મના પ્રતાપે મારા શીલની રક્ષા થઈ છે. બસ, હવે તો વ્રતસહિત આત્મસાધના કરીશ ને આવી સ્ત્રીપર્યાય છેદી નાંખીશ. ચૈતન્યસુખ પાસે આ સંસારસુખો સ્વપ્નેય નથી ગમતા. આમ કહીને તે અનંતમતિએ અનંતસુખને સાધવા માટે પદ્મશ્રી–અર્જિકા સમીપ દીક્ષા અંગીકાર કરી લીધી અને ધર્મધ્યાનપૂર્વક સમાધિમરણ કરી, સ્ત્રીપર્યાયને છેદી તે જીવ બારમા દેવલોકમાં ઊપજ્યો.

બાલવયમાં લીધેલા શીલવ્રતનું પણ જેણે દૃઢપણે પાલન કર્યું અને સ્વપ્નેય સંસારસુખને ન ઈચ્છ્યું, તેમજ સમ્યક્ત્વથી કે શીલના પ્રભાવથી 'આવી ૠદ્ધિ મને મળો'– એવી આકાંક્ષા પણ જેણે ન કરી તે અનંતમતિ દેવલોકમાં ગઈ. અહા ! દેવલોકના આશ્ચર્યકારી વૈભવની શી વાત ! પણ પરમ નિઃકાંક્ષતાને લીધે તેનાથી પણ ઉદાસ રહીને તે અનંતમતિ પોતાના આત્મહિતને સાધી રહી છે. ધન્ય છે એની નિઃકાંક્ષતાને !

(આ કથા, સંસારસુખની વાંછા છોડીને આત્મિક સુખને જ સાધવામાં તત્પર થવાનું આપણને શીખવે છે; તેમજ ગમે તેવા સંકટમાંય પોતાના ધર્મમાં અડગ રહેવાનું શીખવે છે.)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



## ૨. નિષ્કાંક્ષિત–અંગનું વર્ણન

ધર્મી જીવો ધર્મ દ્વારા ભવસુખની વાંછા કરતા નથી એટલે પુણ્યને કે પુણ્યના ફળને ચાહતા નથી. ધર્મથી મને સ્વર્ગાદિ સુખ મળો એવી વાંછા તે ભવસુખની વાંછા છે. તેવી વાંછા અજ્ઞાનીને હોય છે. જ્ઞાનીએ તો પોતાના આત્માને જ સુખસ્વરૂપે અનુભવ્યો છે એટલે હવે બીજે ક્યાંય સુખબુદ્ધિ તેને રહી નથી; તેથી તે નિષ્કાંક્ષ છે. સમ્યગ્દ્રષ્ટિએ નિઃકાંક્ષિતગુણવડે ભવસુખની વાંછાને નષ્ટ કરી છે. 'ભવસુખ' એમ અજ્ઞાનીની ભાષાથી કહ્યું છે; ખરેખર ભવમાં સુખ છે જ નહિ પણ અજ્ઞાની દેવાદિના ભવમાં સુખ માને છે, ઈન્દ્રિયવિષયોમાં સુખ માને છે. આત્માના સુખની તો તેને ખબર નથી. અરે! સમ્યગ્દ્રષ્ટિ તો આત્માના સુખને અનુભવનાર, મોક્ષનો સાધક! તે સંસાર–ભોગોને કેમ ઈચ્છે? જેના વેદનથી અનાદિકાળથી દુઃખી થયો તેને જ્ઞાની કેમ ઈચ્છે? ભવ–તન–ભોગ એ તો તેને અનાદિકાળની એંઠ જેવા લાગે છે; અનંતવાર જીવ તેને ભોગવી ચુક્યો પણ સુખનો છાંટોય તેમાંથી ન મળ્યો.

ધર્મનું પ્રયોજન શું? ધર્મનું પ્રયોજન, ધર્મનું ફળ તો આત્મસુખની પ્રાપ્તિ થાય–તે છે; ધર્મનું ફળ કાંઈ બહારમાં નથી આવતું. જેણે આત્માના સુખનો સ્વાદ જાણ્યો નથી તેને ઊંડે-ઊંડે સંસાર–ભોગોની ચાહના પડી છે તથા તેના

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

કારણરૂપ પુણ્યની ને શુભરાગની રુચિ પડી છે, તેને સાચું નિઃકાંક્ષિતપણું હોતું નથી. ભલે રાજ–પાટ–ઘર–કુટુંબ છોડીને ત્યાગી થયો હોય પણ જ્યાંસુધી રાગથી ભિન્ન ચૈતન્યરસ ચાખ્યો (અનુભવ્યો) નથી ત્યાંસુધી તેને સંસારભોગની વાંછા પડી જ છે અને સમ્યગ્દષ્ટિજીવ રાજ-પાટ-ઘર-કુટુંબાદિ સંયોગમાં વર્તતો હોય, તે પ્રકારનો રાગ પણ વર્તતો હોય, (ખરેખર તેમાં ક્યાંય તે નથી વર્તતો, તે તો પોતાની ચેતનામાં જ તન્મય વર્તે છે, પણ સંયોગ અપેક્ષાએ રાજપાટમાં ને રાગમાં વર્તે છે એમ કહ્યું છે—) છતાં અંતરમાં તે બધાયથી પાર પોતાના ચૈતન્યરસનો આનંદ ચાખ્યો છે તેથી તેને તેમાં ક્યાંય સ્વપ્નેય સુખબુદ્ધિ નથી; એટલે રાગ હોવા છતાં શ્રદ્ધાના બળે તેને નિઃકાંક્ષિતપણું જ વર્તે છે. ધર્મીની આ કોઈ અલૌકિક દશા છે જે અજ્ઞાનીને ઓળખાતી નથી; ઓળખે તો અજ્ઞાન રહેતું નથી.

ધર્મના ફળમાં કાંઈ પૈસા ન મળે. પૈસા વગેરે મળવા તે કાંઈ ધર્મનું પ્રયોજન નથી, ધર્મનું પ્રયોજન તો આત્માનું સુખ મળે તે છે; અને તે સુખમાં કાંઈ પૈસા વગેરેની જરૂર પડતી નથી. એ તો સંયોગ વગરનું સ્વાભાવિક સુખ આત્મામાંથી જ ઉત્પન્ન થાય છે. આવા સુખને જે જાણે તેને સંસારમાં બીજા કોઈની પણ વાંછા રહે નહીં, ક્યાંય સુખબુદ્ધિ થાય નહીં. ધર્મીને ધર્મની સાથેના રાગને લીધે પુણ્ય બંધાય ને તે પુણ્યના ફળમાં બહારના વૈભવ મળે, પણ ધર્મીને તેની વાંછા નથી;

તેનાથી તો તે પોતાના આત્માને અત્યંત ભિન્ન જાણે છે.

શુભરાગ હોય ને વેપાર-લગ્ન-વાસ્તુ વગેરે પ્રસંગે ભગવાનને યાદ કરે તે જુદી વાત છે, તેમાં કાંઈ ભવસુખની વાંછા ધર્મીને નથી. જે સર્વજ્ઞનો ભક્ત થયો તેને સંસારની વાંછા હોય નહિ. રાગનો એક કણિયો પણ મારા જ્ઞાનમાં નથી—એમ જાણનાર જ્ઞાની તે રાગના ફળને કેમ વાંછે? મોક્ષરૂપ જે પરમસુખ તે સિવાય બીજી કોઈ આશાથી તે ધર્મને સેવે નહિ. ધર્મનું ફળ તો વીતરાગી સુખ છે, બાહ્ય-વૈભવ કે ઈન્દ્રાદિ પદ તે કંઈ ધર્મનું ફળ નથી તે તો રાગનું—વિકારનું—પુણ્યનું ફળ છે. તે પુણ્યરૂપ ધર્મને અજ્ઞાની ઈચ્છે છે તેથી તે ભોગહેતુને સેવે છે—એમ કહ્યું છે; રાગ વગરના શુદ્ધાત્માનાં અનુભવરૂપ મોક્ષહેતુ ધર્મની તેને ખબર નથી.

અંતરના અનુભવમાં પોતાના ચૈતન્ય—પરમદેવને સેવનાર ધર્મી જાણે છે કે મારો આ ચૈતન્ય—ચિંતામણિ આત્મા જ મને પરમ સુખ દેનાર છે, એના સિવાય હું બીજા કોને વાંછું? અરે! સ્વર્ગનો દેવ આવે તોય મારે એની પાસેથી શું લેવું છે? અજ્ઞાનીને તો સ્વર્ગનો દેવ આવવાની વાત સાંભળે ત્યાં ચમત્કાર લાગે છે ને તેના મહિમા આડે ધર્મને ભૂલી જાય છે; કેમકે એને પોતાને સ્વર્ગાદિના ભોગની વાંછા છે. અરે! મૂર્ખ લોકો તો ભોગની વાંછાથી સર્પ—વાંદરા—ગાય વગેરે તિર્યંચ પ્રાણીઓને પણ દેવ—દેવીરૂપે પૂજે છે. જુઓને, જૈન નામ ધરાવનારા લોકો પણ ભોગની વાંછાથી, પુત્રાદિની

વાંછાથી અનેક દેવ–દેવલાંને પૂજે છે. મૂરખને તે કાંઈ વિવેક હોય? ભગવાનનો સાચો ભક્ત પ્રાણ જાય તોપણ ખોટા દેવ–દેવલાંને પૂજે નહીં, માને નહીં. કોઈ કહે–માંગળિક સાંભળશું તો પૈસા મળશે, પણ ભાઈ! જૈનોનું માંગળિક એવું ન હોય; જૈનોનું માંગળિક તો મોક્ષ આપે એવું હોય. માંગળિકના ફળમાં પૈસા મળવાની આશા ધર્મી રાખે નહીં. એ રીતે ધર્મી નિઃકાંક્ષિતભાવથી ધર્મને સેવે છે.

પ્રશ્ન :—વેપાર વગેરેમાં પૈસા મળે એવી વાંછા તો ધર્મીને પણ હોય છે, તો તેને નિઃકાંક્ષિતપણું ક્યાં રહ્યું?

ઉત્તર :—તેને હજી તે પ્રકારનો અશુભરાગ છે પણ આ રાગથી કે પૈસામાંથી મને સુખ મળશે—એવી મિથ્યાબુદ્ધિરૂપ વાંછા તેને નથી. રાગ અને સંયોગ બંનેથી પાર મારી ચેતના છે, તેમાં જ મારું સુખ છે એમ જાણનાર ધર્મી તે ચેતનાના ફળમાં બાહ્ય સામગ્રી વાંછતો નથી, તેથી તે નિઃકાંક્ષ છે. તે ધર્માત્મા ઈન્દ્રપદ કે ચક્રવર્તીપદના વૈભવને ભોગવતો દેખાય છતાં તેને વિષય–ભોગોનો રંચમાત્ર આદર નથી. અરે! અમે અતીન્દ્રિય આનંદના પિંડલા, જગતમાં ક્યાંય અમારો આનંદ છે જ ક્યાં? તેથી તો કહ્યું છે કે—

चक्रवर्तीकी संपदा, इन्द्रसरीखे भोग।
काकवीट सम गीनत हैं सम्यग्दृष्टि लोग॥

(ઈન્દોરના કાચના જિનમંદિરમાં પણ આ દોહરો છે.)

વિષયો તરફના વિકલ્પને ધર્મીજીવ દુઃખ અને જેલ સમાન ગણે છે, એમાં સુખબુદ્ધિ નથી એટલે તેની વાંછા નથી. ઉત્તમ વસ્તુ ખાતા–પીતા દેખાય, સ્ત્રી–પુત્રાદિ વચ્ચે દેખાય, તેથી કરીને ધર્મી તેમાં સુખ માનતા હશે?—ના, એમ બિલકુલ નથી. આનંદસ્વરૂપ મારો આત્મા જ છે, પરમાં સુખ જરાય નથી—એવા નિઃશંક ભાનમાં વર્તતા ધર્માત્મા દેવલોકના સુખનેય વાંછતા નથી. એમાં સુખ છે જ નહીં પછી વાંછા શેની? ચૈતન્યના અતીન્દ્રિય આનંદની પાસે સ્વર્ગના વૈભવની શી ગણતરી? ઈન્દ્રના વૈભવમાં તે સુખની ગંધ પણ નથી. (સમ્યગ્દષ્ટિ–ઈન્દ્રને આત્માનું સુખ હોય છે તે જુદી વાત છે, પણ બહારના વૈભવમાં તો તેની ગંધ પણ નથી ને તે ઈન્દ્ર પોતે તેમાં સુખ માનતા નથી.)

અજ્ઞાની બહારમાં ભલે વિષયોનો ત્યાગી હોય છતાં અભિપ્રાયમાં તેને વિષયોની વાંછા છે, કેમકે રાગમાં સુખબુદ્ધિ છે. જેણે ચૈતન્યનું ઈન્દ્રિયાતીત સુખ નથી દેખ્યું તેને ઊંડે ઊંડે રાગમાં ને વિષયોમાં સુખબુદ્ધિ પડી જ છે. જો તેમાં મીઠાશ ન હોય તો તેનાથી પાછો વળીને ચૈતન્યસુખમાં કેમ ન આવે? એણે ચૈતન્યસુખ દેખ્યું નથી ને ઈન્દ્રિયવિષયોમાં સુખબુદ્ધિ છે તેથી તેને સાચું નિઃકાંક્ષિતપણું હોતું નથી. ભલે સીધી રીતે તે વિષયોની અભિલાષા ન કરે પણ અંદર અભિપ્રાયમાં તો તેને વિષયોની આકાંક્ષા પડી જ છે.

સમ્યગ્દષ્ટિ તો સિદ્ધનો પુત્ર થઈ ગયો; તે તો અખંડ

એક જ્ઞાયકસ્વભાવની અનુભૂતિ કરીને જીતેન્દ્રિય થઈ ગયો. આત્મા સિવાય જગતમાં ક્યાંય તેને સુખબુદ્ધિ નથી. પાંચ–ઈન્દ્રિયસંબંધી વિષયોની વૃત્તિ આવે તેથી તેમાં તે સુખ માનતા હશે–એમ બિલકુલ નથી; અંદરના અનાકુળ આનંદની જ ભાવના છે. અહા! ધર્મીની ચેતનાના ખેલ તો ધર્મી જ જાણે છે. અજ્ઞાની ઉપરટપકે જોઈને ધર્મીનું સાચું માપ કાઢી શકે તેમ નથી. ધર્મીના અંતર–હૃદય બહારથી દેખાય તેવા નથી. ધર્મી જાણે છે કે મારો ધર્મ તો મારામાં છે, તેનું ફળ કાંઈ બહારમાં ન આવે. બહારના પુણ્યફળ તે તો કમોદના ઉપરના ફોતરાં જેવાં છે, લોકો તો તેને જ દેખે છે, અંદરના ખરા વીતરાગી કસને લોકો દેખતા નથી. ધર્મના બદલામાં લૌકિકફળને ધર્મી ઈચ્છતા નથી, દુનિયાને દેખાડવા માટે તે ધર્મ કરતા નથી. ધર્મીનો ધર્મ તો પોતાના આત્મામાં જ સમાય છે ને તેનું ફળ પણ આત્મામાં જ આવે છે.

કોઈ દેવ આવીને સેવા કરે તો ધર્મી તેનાથી લલચાય નહિ ને કોઈ દેવ આવીને ત્રાસ આપે, પૈસા વગેરે ઉપાડી જાય તો તેનાથી ડરીને ધર્મી પોતાનો ધર્મ છોડે નહિ. ધર્મબુદ્ધિથી એવા કોઈ દેવને તે માનતા નથી. હું ધર્મ કરું તેથી સ્વર્ગનો કોઈ દેવ પ્રસન્ન થઈને મને લાભ કરી દેશે—એવી બુદ્ધિ ધર્મીને હોતી નથી. સર્વજ્ઞ વીતરાગ અરિહંતદેવ સિવાય બીજા કુદેવો પાસે તે કદી માથું ઝુકાવતા નથી. હું વીતરાગતાનો સાધક, વીતરાગ સિવાય બીજાને દેવ માનું નહીં. ચૈતન્યના

વીતરાગસ્વભાવ સિવાય પુણ્યની પણ જ્યાં વાંછા નથી (ધર્મી ન ઈચ્છે પુણ્યને.....) ત્યાં બહારના પાપ-ભોગોની શી વાત? જુઓ તો ખરા, આ તો બધું સમ્યગ્દર્શન સાથેના વ્યવહારમાં આવી જાય છે, સમ્યગ્દર્શનની નિશ્ચય અનુભૂતિની તો શી વાત!

ધર્મી જાણે છે કે સર્વજ્ઞતા ને વીતરાગતા તે જ મારા ખરા ભગવાનનો ખરો ચમત્કાર છે; એ સિવાય બહારના બીજા કોઈ ચમત્કાર માટે તે ભગવાનને માને નહિ. બહારના સંયોગનું આવવું–જવું તો પુણ્ય-પાપ અનુસાર બન્યા કરે છે, ધર્મની સાથે એને શું સંબંધ છે? ધર્મી જીવ એવી બહારની આકાંક્ષા કરતા નથી. જ્યાં રાગથી ભિન્ન આત્માના આનંદને પોતામાં દેખ્યો ત્યાં ભવસુખની વાંછા ક્યાંથી રહે? એટલે દેવગતિના સુખનેય ધર્મી વાંછતા નથી; આવું સમ્યગ્દષ્ટિનું નિઃકાંક્ષિત અંગ છે. આ રીતે, સમ્યગ્દષ્ટિના આઠ ગુણમાંથી બીજો ગુણ કહ્યો.

# 3 નિર્વિચિકિત્સા—અંગમાં પ્રસિદ્ધ ઉદયનરાજાની કથા

સૌધર્મ—સ્વર્ગમાં દેવસભા ભરાણી છે અને ઈન્દ્રમહારાજ દેવોને સમ્યગ્દર્શનનો મહિમા સમજાવી રહ્યા છે : અહો દેવો! સમ્યગ્દર્શનમાં આત્માનું કોઈ અનેરું સુખ છે. એ સુખ પાસે સ્વર્ગના વૈભવની કાંઈ જ ગણતરી નથી. આ સ્વર્ગલોકમાં સાધુદશા નથી થઈ શકતી, પરંતુ સમ્યગ્દર્શનની આરાધના તો અહીં પણ થઈ શકે છે.

મનુષ્યો તો સમ્યક્ત્વની આરાધના ઉપરાંત ચારિત્રદશા પણ પ્રગટ કરીને મોક્ષ પામી શકે છે. ખરેખર, જે જીવો નિઃશંકતા, નિઃકાંક્ષા, નિર્વિચિકિત્સા વગેરે આઠઅંગસહિત શુદ્ધ સમ્યગ્દર્શનના ધારક છે તેઓ ધન્ય છે. એવા સમ્યગ્દષ્ટિજીવોની આપણે અહીં સ્વર્ગમાં પણ પ્રશંસા કરીએ છીએ.’

એક દેવે પૂછ્યું : ‘પ્રભો! અત્યારે ભરતક્ષેત્રમાં એવા કોઈ જીવો છે?’

ઈન્દ્ર મહારાજે કહ્યું : ‘હા, અનેક છે. અત્યારે કચ્છદેશમાં રાજા ઉદયન આવા સમ્યક્ત્વથી શોભી રહ્યા છે ને સમ્યક્ત્વના આઠ અંગોનું પાલન કરી રહ્યા છે; તેમાં પણ નિર્વિચિકિત્સાઅંગના પાલનમાં તેઓ ઘણા દૃઢ છે. મુનિવરોની સેવામાં એવા તત્પર છે કે ગમે તેવા રોગાદિ હોય તોપણ તેઓ

જરાય જુગુપ્સા કરતા નથી ને દુર્ગંછા વગર પરમભક્તિથી ધર્માત્માઓની સેવા કરે છે. ધન્ય છે એને! તેઓ ચરમશરીરી છે.'

રાજાના ગુણની આવી પ્રશંસા સાંભળીને વાસવ નામના એક દેવને તે નજરે જોવાનું મન થયું...અને તે સ્વર્ગમાંથી ઊતરીને મનુષ્યલોકમાં આવ્યો.

⁂ ❀ ⁂

ઉદાયન રાજા એક મુનિરાજને દેખીને ભક્તિપૂર્વક આહારદાન માટે પડગાહી રહ્યા છેઃ પધારો... પધારો.... પધારો. રાણી સહિત ઉદાયન રાજા નવધાભક્તિપૂર્વક મુનિરાજને આહારદાન દેવા લાગ્યા.

અરે! પણ આ શું? ઘણા માણસો ત્યાંથી દૂર ભાગવા લાગ્યા, ઘણા માણસો મુખ આગળ કપડું ઢાંકવા લાગ્યા...કેમકે એ મુનિને કાળા-કૂબડા શરીરમાં ભયંકર કોઢનો રોગ હતો ને તેમાંથી અસહ્ય દુર્ગંધ છૂટતી હતી, હાથપગના આંગળાંમાંથી પરુ વહેતું હતું.

પરંતુ, રાજાને તો એનું કાંઈ લક્ષ નથી; તે તો પ્રસન્ન થઈને પરમ ભક્તિથી એકચિત્તે આહારદાન દઈ રહ્યા છે ને પોતાને ધન્ય માને છે કે અહા! રત્નત્રયધારી મુનિરાજ મારા આંગણે પધાર્યા! એમની સેવાથી મારું જીવન સફળ છે.

એવામાં મુનિના પેટમાં એકાએક ઉછાળો આવ્યો ને

એકદમ ઊલટી થઈ; તે ગંદી ઊલટી રાજા-રાણીના શરીર ઉપર પડી. એકદમ ગંધાતી ઊલટી પોતાના ઉપર પડવા છતાં રાજા-રાણીને જરાપણ ગ્લાનિ ન થઈ કે મુનિરાજ પ્રત્યે જરાપણ અણગમો ન આવ્યો, પણ અત્યંત સાવધાનીથી તેઓ મુનિરાજનું દુર્ગંધી શરીર સાફ કરવા લાગ્યા અને એમ વિચારવા લાગ્યા કે અરેરે! અમારા આહારદાનમાં કાંઈક ભૂલ થઈ ગઈ લાગે છે કે જેને કારણે મુનિરાજને આટલું બધું કષ્ટ પડ્યું! મુનિરાજની પૂરી સેવા અમારાથી ન થઈ શકી!

હજી તો રાજા આમ વિચારે છે, ત્યાં તો તે મુનિ એકાએક અલોપ થઈ ગયા ને તેમના સ્થાને એક દેવ દેખાયો; અત્યંત પ્રશંસાપૂર્વક તેણે કહ્યું : ‘હે રાજન્! ધન્ય છે તમારા સમ્યક્ત્વને અને ધન્ય છે તમારી નિર્વિચિકિત્સાને! ઈન્દ્રમહારાજે તમારા ગુણની જેવી પ્રશંસા કરી હતી એવા જ ગુણ મેં નજરે જોયા. રાજન્! મુનિના વેશે હું જ તમારી પરીક્ષા કરવા આવ્યો હતો. ધન્ય છે આપના ગુણોને...’ એમ કહીને દેવે તેને નમસ્કાર કર્યા.

ખરેખર કોઈ મુનિરાજને કષ્ટ નથી થયું એમ જાણીને રાજાનું ચિત્ત પ્રસન્ન થયું અને તેણે કહ્યું : ‘હે દેવ! આ મનુષ્ય શરીર તો સ્વભાવથી જ મલિન છે ને રોગાદિનું ઘર છે. તે અચેતન શરીર મેલું હોય તેથી આત્માને શું? ધર્મીનો આત્મા તો સમ્યક્ત્વાદિ પવિત્ર ગુણોથી શોભે છે. શરીરની મલિનતા દેખીને ધર્માત્મા ગુણ પ્રત્યે જે અણગમો કરે છે તેને આત્માની

દૃષ્ટિ નથી પણ દેહની જ દૃષ્ટિ છે. અરે ! ચામડાના શરીરથી ઢંકાયેલો આત્મા અંદર સમ્યગ્દર્શનના પ્રભાવથી શોભી રહ્યો છે, તે પ્રશંસનીય છે.’

ઉદયન રાજાની આવી સરસ વાત સાંભળીને તે દેવ ઘણો પ્રસન્ન થયો અને તેમને અનેક વિદ્યાઓ આપી, વસ્ત્રાભૂષણ આપ્યાં પણ ઉદયન રાજાને ક્યાં તેની વાંછા હતી ? તેઓ તો બધો પરિગ્રહ છોડીને વર્દ્ધમાન ભગવાનના સમવસરણમાં ગયા અને દીક્ષા લઈ મુનિ થઈ કેવળજ્ઞાન પ્રગટાવી મોક્ષ પામ્યા. સમ્યગ્દર્શનના પ્રતાપે તેઓ સિદ્ધ થયા, તેમને નમસ્કાર હો !!!

(આ નાની કથા આપણને એવો મોટો બોધ આપે છે કે ધર્માત્માના શરીરાદિને અશુચિ દેખીને પણ તેના ધર્મ પ્રત્યે ગ્લાનિ ન કરો! તેના સમ્યક્ત્વાદિ પવિત્રગુણોનું બહુમાન કરો !)

ૐ
હૈ જ સિદ્ધાનંદ.

# ૩. નિર્વિચિકિત્સા–અંગનું વર્ણન

જેણે આત્મા અને શરીરને ભિન્ન જાણ્યા છે એવા સમ્યગ્દૃષ્ટિ જીવ, શરીરમાં અશુચિ દેખીને આત્માના ધર્મ પ્રત્યે ગ્લાનિ કરતા નથી; એટલે કોઈ મુનિ વગેરે ધર્માત્માનું શરીર મલિન કે રોગવાળું દેખીને તેમના પ્રત્યે ઘૃણા–દુર્ગંછા થતી નથી પણ, શરીર મેલું હોવા છતાં અંદરમાં આત્મા તો ચૈતન્યધર્મોથી શોભી રહ્યો છે–તેનું બહુમાન આવે છે. આવા મેલા–કોઢિયા શરીરવાળાને તે કાંઈ ધર્મ હોય! એમ, ધર્મ પ્રત્યે દુર્ગંછાનો ભાવ થતો નથી. એવું સમ્યગ્દૃષ્ટિનું નિર્વિચિકિત્સા–અંગ છે.

સર્વજ્ઞના દેહમાં તો અશુચિ હોતી જ નથી તેમજ તેમને રોગાદિ પણ હોતાં નથી. પણ, સાધક ધર્માત્મા મુનિ વગેરેને તો દેહમાં મલિનતા કે રોગાદિ પણ હોય. કોઈવાર શરીરમાં કોઢ થાય, શરીર ગંધાઈ જાય; તો તેને દેખીને ધર્મી વિચારે છે કે અહો! આ આત્મા તો અંદર સમ્યગ્દર્શનાદિ અપૂર્વ રત્નોથી શોભી રહ્યો છે, દેહ પ્રત્યે એમને કાંઈ મમત્વબુદ્ધિ નથી. રોગાદિ તો દેહમાં થાય છે ને દેહ તો સ્વભાવથી જ અશુચિ છે. આમ, દેહ અને આત્માના ભિન્ન-ભિન્ન ધર્મો વિચારીને ધર્મી જીવ દેહની મલિનતા વગેરે દેખીને પણ ધર્માત્મા પ્રત્યે ગ્લાનિ કરતો નથી. પોતાના શરીરમાં પણ રોગાદિ મલિનતા થાય તો તેથી પોતાના ધર્મોથી તે ડગતો નથી કે ધર્મમાં શંકા કરતો નથી.

મુનિઓ તો દેહ પ્રત્યે અત્યંત ઉદાસ છે, સ્નાનાદિ તેઓ કરતા નથી, દેહની શોભાનું કે દેહના શણગારનું તેમને લક્ષ નથી. તેઓ તો સ્વાનુભવરૂપી સ્નાનવડે આત્માને શોભાવનારા છે. રત્નત્રય તેમનો શણગાર છે. અહો! આવા મુનિઓને દેખતાં રત્નત્રયધર્મનાં બહુમાનથી તેમના ચરણોમાં શિર નમી પડે છે.

અરે! દેહ તો સ્વભાવથી જ અશુચીનું ધામ અને ક્ષણભંગુર છે અને ધર્માત્મા તો રત્નત્રયવડે સહજ પવિત્ર છે. શરીરમાં સુગંધ કે દુર્ગંધ એ જડનો ધર્મ છે. એવું કાંઈ નથી કે ધર્મીનું શરીર કાળું–કૂબડું ન જ હોય. કોઈનું શરીર કાળું–કૂબડું પણ હોય, અવાજ પણ ચોક્ખો ન નીકળતો હોય; તેથી શું? અંદર તો દેહથી ભિન્ન જ્ઞાનશરીરીપણે ધર્માત્મા પોતાને અનુભવે છે. સમંતભદ્રસ્વામી રત્નકરંડ–શ્રાવકાચારમાં કહે છે કે—

सम्यग्दर्शनसम्पन्नम् अपि मातङ्गदेहजम्।
देवा देवं विदुर्भस्मगूढाङ्गारन्तरौजसम्॥

ચાંડાલના શરીરમાં રહેલો સમ્યગ્દ્રષ્ટિ આત્મા દેવ સમાન શોભે છે. રાખથી ઢંકાયેલ અગ્નિની ચીનગારી માફક દેહરૂપી રાખની અંદર સમ્યક્ત્વરૂપ ચૈતન્ય–ચીનગારીથી તે આત્મા શોભે છે, તે પ્રશંસનીય છે. આ રીતે, આત્માના સમ્યક્ત્વધર્મને ઓળખનાર જીવ શરીરાદિની અશુચિ દેખીને પણ ધર્માત્મા પ્રત્યે ઘૃણા–તીરસ્કાર કરતો નથી, પણ તેના

પવિત્ર ધર્મ પ્રત્યે પ્રેમ અને આદર કરે છે; તેને નિર્વિચિકિત્સા–અંગ છે.

કોઈ ધર્મીને પુણ્ય ઓછા હોય—તેથી શું? પુણ્ય તો ઉદયભાવનું ફળ છે, તેનાથી આત્માની શોભા નથી. આત્મા તો સમ્યક્ત્વાદિથી જ શોભે છે. ધર્મમાં તો ગુણથી જ શોભા છે, કાંઈ પુણ્યથી શોભા નથી. એક તિર્યંચ–કૂતરું પણ જો સમ્યગ્દૃષ્ટિ હોય તો શોભે છે ને મિથ્યાદૃષ્ટિ મોટો દેવ હોય તોપણ શોભતો નથી. કોઈ ધર્મી ઓછા પુણ્યોદયને કારણે નિર્ધન–કદરૂપ હોય ને પોતે ધનવાન–રૂપવાન હોય તો તે કારણે ધર્મી બીજા સાધર્મીથી પોતાની અધિકતા માનતા નથી ને સામાનો તીરસ્કાર કરતા નથી; પણ તેના ગુણની પ્રીતિપૂર્વક આદર કરે છે કે વાહ! દેહાદિની આવી પ્રતિકૂળતા છતાં તે પોતાના ધર્મને સાધી રહ્યો છે. પુણ્યના તો અનેક પ્રકાર છે, તેમાં હીનાધિકતા હોય તેથી શું? અંદર ધર્મ ચીજ જુદી છે. આ રીતે દેહ અને આત્માના ધર્મોનું ભિન્નભિન્નપણું જાણે તેને દેહાદિની હીનતા દેખીને પણ ધર્માત્માના ગુણો પ્રત્યે અણગમાનો ભાવ થતો નથી પણ ગુણનો પ્રેમ આવે છે. આવું સમ્યક્ત્વનું ત્રીજું અંગ છે.

# ૪ અમૂઢદૃષ્ટિ–અંગમાં પ્રસિદ્ધ રેવતીરાણીની કથા

આ ભરતક્ષેત્રની વચ્ચે વિજયાર્દ્ધ–પર્વત આવેલો છે, તેના પર વિદ્યાધર મનુષ્યો રહે છે. તે વિદ્યાધરોના રાજા ચંદ્રપ્રભનું ચિત્ત સંસારથી વિરક્ત હતું. રાજ્યકારભાર પોતાના પુત્રને સોંપીને તે તીર્થયાત્રા કરવા નીકળ્યા હતા. તેઓ કેટલોક વખત દક્ષિણ મથુરામાં રહ્યા. દક્ષિણદેશના પ્રસિદ્ધ તીર્થો અને રત્નોનાં જિનબિંબથી શોભતા જિનાલયો દેખીને તેમને આનંદ થયો. મથુરામાં તે વખતે શ્રી ગુપ્તાચાર્ય નામના મહાન મુનિરાજ બિરાજતા હતા. તેઓ વિશિષ્ટ જ્ઞાનના ધારક હતા અને મોક્ષમાર્ગનો ઉત્તમ ઉપદેશ દેતા હતા. ચંદ્રપ્રભરાજાએ કેટલાક દિવસ સુધી મુનિરાજનો ઉપદેશ સાંભળ્યો અને ભક્તિપૂર્વક તેમની સેવા કરી.

ત્યાર પછી તેમણે ઉત્તર મથુરાનગરીની યાત્રાએ જવાનો વિચાર કર્યો કે જ્યાંથી જંબૂસ્વામી મોક્ષ પામ્યા છે અને જ્યાં અનેક મુનિરાજ બિરાજતા હતા, તેમાં ભવ્યસેન નામના એક મુનિ પણ પ્રસિદ્ધ હતા. તે વખતે મથુરામાં વરુણરાજા હતા અને તેમની રાણીનું નામ રેવતીદેવી હતું.

ચંદ્રરાજાએ મથુરા જવાની પોતાની ઈચ્છા શ્રી ગુપ્તાચાર્ય પાસે રજુ કરી અને આજ્ઞા માંગી તથા ત્યાંના સંઘ માટે કાંઈ સંદેશ લઈ જવાનું પૂછ્યું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ત્યારે, શ્રી આચાર્યદેવે સમ્યક્ત્વની દ્રઢતાનો ઉપદેશ આપતાં કહ્યું કે આત્માનું સાચું સ્વરૂપ સમજનાર સમ્યગ્દષ્ટિ જીવ વીતરાગ અરિહંતદેવ સિવાય બીજા કોઈને દેવ માનતા નથી. જે દેવ ન હોય તેને દેવ માનવા તે દેવમૂઢતા છે, એવી મૂઢતા ધર્મીને હોતી નથી. મિથ્યામતના દેવાદિક બહારથી ગમે તેવા સુંદર દેખાતા હોય, બ્રહ્મા–વિષ્ણુ કે શંકર જેવા હોય–તોપણ ધર્મીજીવ તેના પ્રત્યે આકર્ષાતા નથી.

મથુરાની રાજરાણી રેવતીદેવી આવા સમ્યક્ત્વની ધારક છે, જૈનધર્મની શ્રદ્ધામાં તે ઘણી જ દ્રઢ છે. તેને ધર્મવૃદ્ધિના આશીષ કહેજો તથા ત્યાં બિરાજમાન શ્રી સુરત મુનિ કે જેમનું ચિત્ત રત્નત્રયમાં રત છે, તેમને વાત્સલ્યપૂર્વક નમસ્કાર કહેજો.

આ પ્રમાણે, આચાર્યદેવે શ્રી સુરત મુનિરાજને તથા રેવતીરાણીને માટે સન્દેશ કહ્યો પણ શ્રી ભવ્યસેન મુનિને તો યાદ પણ ન કર્યા. આથી રાજાને આશ્ચર્ય થયું ને ફરીને પણ આચાર્ય મહારાજને પૂછ્યું કે બીજા કોઈને કાંઈ કહેવાનું છે? પણ આચાર્યદેવે એથી વિશેષ કાંઈ ન કહ્યું.

આથી, તે ચંદ્રરાજાને એમ થયું કે શું આચાર્યદેવ શ્રી ભવ્યસેનમુનિને ભુલી ગયા હશે?—ના, ના; તેઓ ભૂલે તો નહીં; તેઓ વિશિષ્ટ જ્ઞાનના ધારક છે; તેથી તેમની આ આજ્ઞામાં જરૂર કાંઈક રહસ્ય હશે. ઠીક, જે હશે તે ત્યાં પ્રત્યક્ષ દેખાશે. એમ સમાધાન કરી, આચાર્યદેવના ચરણોમાં

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

નમસ્કાર કરીને તે મથુરા તરફ વિદાય થયા.

મથુરામાં આવીને સૌ પ્રથમ તેણે શ્રી સુરતમુનિરાજનાં દર્શન કર્યાં. તેઓ ઘણા જ ઉપશાંત અને શુદ્ધરત્નત્રયોનું પાલન કરનારા હતા. ચંદ્રરાજાએ તેમને શ્રી ગુપ્તાચાર્યનો સન્દેશ કહ્યો અને તેમની વતી નમસ્કાર કર્યા.

ચંદ્રપ્રભની વાત સાંભળીને શ્રી સુરતમુનિરાજે પ્રસન્નતા વ્યક્ત કરી અને પોતે પણ વિનયપૂર્વક હાથ જોડીને શ્રી ગુપ્તાચાર્ય પ્રત્યે પરોક્ષ નમસ્કાર કર્યા. મુનિવરોનું એકબીજા પ્રત્યે આવું વાત્સલ્ય દેખીને રાજા ઘણો પ્રસન્ન થયો. શ્રી સુરત-મુનિરાજે કહ્યું : 'હે વત્સ ! વાત્સલ્ય વડે ધર્મ શોભે છે. ધન્ય છે એ રત્નત્રયના ધારક આચાર્યદેવને કે જેમણે આટલે દૂરથી પણ સાધર્મી તરીકે મને યાદ કર્યો. શાસ્ત્રમાં ખરું કહ્યું છે કે–

ये कुर्वन्ति सुवात्सल्यं भव्या धर्मानुरागतः।
साधर्मिकेषु तेषां हि सफलं जन्म भूतले॥

અહો, ભવ્યજીવ તે ધન્ય છે જે ધર્મના વાત્સલ્યથી,
સાધર્મીનું વાત્સલ્ય કરતા, જન્મ તેનો સફળ છે.

અહો ! ધર્મના પ્રેમવડે જે ભવ્યજીવો સાધર્મીજનો પ્રત્યે ઉત્તમ વાત્સલ્ય કરે છે તેમનો જન્મ જગતમાં સફળ છે.

પ્રસન્નચિત્તથી ભાવપૂર્વક ફરીફરીને એ મુનિરાજને નમસ્કાર કરીને રાજા વિદાય થયો અને શ્રી ભવ્યસેન મુનિરાજ

પાસે આવ્યો. તેમને ઘણું શાસ્ત્રજ્ઞાન હતું ને લોકોમાં તેઓ ખૂબ પ્રસિદ્ધ હતા. રાજા તેમની સાથે કેટલોક વખત રહ્યો પણ તે મુનિરાજે ન તો આચાર્યસંઘના કાંઈ કુશલ-સમાચાર પૂછ્યા કે ન કોઈ ઉત્તમ ધર્મચર્ચા કરી. મુનિને યોગ્ય વ્યવહાર--આચાર પણ તેમના સરખા ન હતા. શાસ્ત્રો ભણવા છતાં શાસ્ત્રાનુસાર તેમનું આચરણ ન હતું. મુનિને ન કરવાયોગ્ય પ્રવૃત્તિ તેઓ કરતા હતા. આ બધું નજરે દેખીને રાજાને ખ્યાલ આવી ગયો કે તે શ્રી ભવ્યસેનમુનિ ગમે તેટલા પ્રસિદ્ધ હોય પણ તે સાચા મુનિ નથી તો પછી શ્રી ગુપ્તઆચાર્ય તેમને કેમ યાદ કરે? ખરેખર, એ વિચક્ષણ આચાર્યભગવાને યોગ્ય જ કર્યું છે.

આ રીતે, શ્રી સુરતમુનિરાજ અને શ્રી ભવ્યસેનમુનિને તો નજરે દેખીને પરીક્ષા કરી. હવે, રેવતીરાણીને આચાર્યમહારાજે ધર્મવૃદ્ધિના આશીષ કહ્યા છે, તેથી તેની પણ પરીક્ષા કરું—એમ રાજાને વિચાર થયો.

*

બીજે દિવસે મથુરાનગરીના ઉદ્યાનમાં એકાએક સાક્ષાત્ બ્રહ્મા પધાર્યા. નગરજનોનાં ટોળેટોળાં એનાં દર્શન માટે ઉમટ્યા ને ગામ આખામાં ચર્ચા ચાલી કે અહા! સૃષ્ટિના સર્જનહાર બ્રહ્માજી સાક્ષાત્ પધાર્યા છે. તેઓ કહે છે કે હું આ સૃષ્ટિનો સર્જનહાર છું ને દર્શન દેવા આવ્યો છું.

મૂઢ લોકોનું તો શું કહેવું? મોટા ભાગના લોકો એ

બ્રહ્માજીના દર્શન કરી આવ્યા. પેલા પ્રસિદ્ધ ભવ્યસેન મુનિ પણ કુતૂહલવશ ત્યાં જઈ આવ્યા. ન ગયા એક શ્રી સુરતમુનિ અને ન ગઈ રેવતીરાણી.

જ્યારે રાજાએ સાક્ષાત્ બ્રહ્માની વાત કરી ત્યારે મહારાણી રેવતીએ નિઃશંકપણે કહ્યું—'મહારાજ! એ બ્રહ્મા હોઈ શકે નહીં; કોઈક માયાચારીએ ઈન્દ્રજાળ ઊભી કરી છે, કેમકે કોઈ બ્રહ્મા આ સૃષ્ટિના સર્જનહાર છે જ નહિ. બ્રહ્મા તો આપણો જ્ઞાનસ્વરૂપ આત્મા છે અથવા ભરતક્ષેત્રમાં ભગવાન ઋષભદેવે મોક્ષમાર્ગની રચના કરી તેથી તેઓને બ્રહ્મા કહેવાય છે. એ સિવાય તો બીજો કોઈ બ્રહ્મા નથી કે જેને હું વંદન કરું.'

બીજો દિવસ થયો અને મથુરાનગરીના બીજા દરવાજે નાગશય્યાસહિત સાક્ષાત્ વિષ્ણુભગવાન પધાર્યા જેને અનેક શણગાર હતા ને ચાર હાથમાં શસ્ત્રો હતાં. લોકોમાં તો ફરી પાછી હલચલ મચી ગઈ; લોકો વગર વિચાર્યે દોડ્યા ને કહેવા લાગ્યા કે અહા! મથુરાનગરીના મહાભાગ્ય ખીલ્યા છે કે ગઈકાલે સાક્ષાત્ બ્રહ્માએ દર્શન દીધા ને આજે વિષ્ણુભગવાન પધાર્યા.

રાજાને એમ થયું કે આજે તો જરૂર રાણી આવશે, એટલે તેણે હોંશથી રાણીને તે વાત કરી—પણ રેવતી જેનું નામ! વીતરાગદેવના ચરણમાં જ ચોંટેલું એનું મન જરાય ડગ્યું નહીં. શ્રીકૃષ્ણાદિ નવ વિષ્ણુ (એટલે કે વાસુદેવ) થાય છે અને તે તો ચોથા કાળમાં થઈ ચૂક્યા, દશમા વિષ્ણુનારાયણ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



કદી થાય નહીં. માટે, જરૂર આ બધું બનાવટી જ છે; કેમ કે જિનવાણી કદી મિથ્યા હોય નહીં. આમ, જિનવાણીમાં દઢ-શ્રદ્ધાપૂર્વક અમૂઢદષ્ટિ-અંગથી તે જરા પણ ચલાયમાન ન થઈ.

ત્રીજા દિવસે વળી નવો ફણગો ફૂટ્યો. બ્રહ્મા અને વિષ્ણુ પછી આજે તો પાર્વતીદેવી સહિત જટાધારી શંકર મહાદેવ પધાર્યા. ગામના લોકો એનાં દર્શન કરવા ઉમટ્યા; કોઈ ભક્તિથી ગયા તો કોઈ કુતૂહલથી ગયા પણ જેના રોમરોમમાં વીતરાગદેવ વસતા હતા એવી રેવતીરાણીનું તો રૂંવાડુંય ન ફરક્યું. એને કંઈ આશ્ચર્ય ન થયું. એને તો લોકોની દયા આવી કે અરેરે! પરમ વીતરાગ સર્વજ્ઞદેવ મોક્ષમાર્ગને દેખાડનારા ભગવાન! તેમને ભૂલીને મૂઢતાથી લોકો ઈન્દ્રજાળમાં કેવા ફસાઈ રહ્યા છે! ખરેખર ભગવાન અરિહંતદેવનો માર્ગ પ્રાપ્ત થવો જીવોને બહુ દુર્લભ છે.

હવે, ચોથા દિવસે તો મથુરાના આંગણે તીર્થંકર ભગવાન પધાર્યા...અદ્ભુત સમવસરણની રચના, ગંધકૂટી જેવો દેખાવ અને તેમાં ચતુર્મુખસહિત તીર્થંકર ભગવાન! લોકો તો ફરી પાછા દર્શન કરવા દોડ્યા. રાજાને એમ કે આ વખતે તીર્થંકર ભગવાન પધાર્યા છે એટલે રેવતીદેવી જરૂર આવશે.

પણ, રેવતીરાણીએ તો કહ્યું કે અરે મહારાજ! અત્યારે આ પંચમકાળમાં વળી તીર્થંકર કેવા? ભગવાને આ ભરતક્ષેત્રમાં એક ચોવીસીમાં ચોવીસ જ તીર્થંકર થવાનું કહ્યું

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



છે ને તે ઋષભથી માંડીને મહાવીર સુધીના ૨૪ તીર્થંકરો થઈને મોક્ષ પધારી ગયા. આ પચ્ચીસમાં તીર્થંકર કેવા? એ તો કોઈ કપટીની માયાજાળ છે. મૂઢલોકો દેવના સ્વરૂપનો વિચાર પણ કરતા નથી ને એમને એમ દોડ્યા જાય છે.

બસ, પરીક્ષા થઈ ચૂકી! વિદ્યાધર રાજાને ખાતરી થઈ ગઈ કે આ રેવતીરાણીની જે પ્રશંસા ગુપ્તાચાર્યે કરી છે તે યથાર્થ જ છે. તે સમ્યક્ત્વના સર્વે અંગોથી શોભી રહી છે. શું પવનથી કદી મેરૂપર્વત હલતો હશે?—નહીં; તેમ, સમ્યગ્દર્શનમાં મેરૂ જેવા અકંપ સમ્યગ્દષ્ટિ જીવો કુધર્મીરૂપી પવનવડે જરાપણ ડગતા નથી. દેવ-ગુરુ-ધર્મસંબંધી મૂઢતા તેમને હોતી નથી. તેઓ બરાબર ઓળખાણ કરીને સાચા વીતરાગી દેવ-ગુરુ-ધર્મને જ નમે છે.

રેવતીરાણીની આવી દઢ ધર્મશ્રદ્ધા દેખીને વિદ્યાધરને ઘણી પ્રસન્નતા થઈ અને પોતાના અસલી સ્વરૂપે પ્રગટ થઈને તેણે કહ્યું—'હે માતા! મને ક્ષમા કરો. ચાર દિવસ સુધી આ બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ વગેરેની ઈન્દ્રજાળ મેં જ ઊભી કરી હતી. શ્રી ગુપ્તાચાર્યદેવે તમારા સમ્યક્ત્વની પ્રશંસા કરી હતી; તેથી તમારી પરીક્ષા કરવા માટે જ મેં આ બધું કર્યું હતું. અહા! ધન્ય છે આપની શ્રદ્ધાને! ધન્ય છે આપની અમૂઢદષ્ટિને! હે માતા! આપના સમ્યક્ત્વની પ્રશંસાપૂર્વક શ્રી ગુપ્તાચાર્ય ભગવાને આપને માટે ધર્મવૃદ્ધિના 'આશીર્વાદ' મોકલાવ્યા છે.'

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

અહા! મુનિરાજનાં આશીર્વાદની વાત સાંભળતાં જ રેવતીરાણીને અપાર હર્ષ થયો...હર્ષથી ગદ્‌ગદ્ થઈને તેણે એ આશીર્વાદનો સ્વીકાર કર્યો ને જે દિશામાં મુનિરાજ બિરાજતા હતા તે તરફ સાત પગલાં જઈને પરમ ભક્તિથી મસ્તક નમાવીને મુનિરાજને પરોક્ષ નમસ્કાર કર્યા.

વિદ્યાધર રાજાએ રેવતીમાતાનું ઘણું સન્માન કર્યું અને તેની પ્રશંસા કરીને આખી મથુરાનગરીમાં તેનો મહિમા ફેલાવી દીધો. રાજમાતાની આવી દ્રઢશ્રદ્ધા દેખીને અને જિનમાર્ગનો આવો મહિમા દેખીને મથુરાનગરીના કેટલાય જીવો કુમાર્ગ છોડીને જૈનધર્મના ભક્ત થયા અને ઘણા જીવોની શ્રદ્ધા દ્રઢ થઈ. આ રીતે જૈનધર્મની મહાન પ્રભાવના થઈ.

(બંધુઓ, આ કથા આપણને એમ કહે છે કે વીતરાગપરમાત્મા અરિહંતદેવનું સાચું સ્વરૂપ ઓળખો અને તેમના સિવાયના બીજા કોઈ પણ દેવને—ભલે સાક્ષાત્ બ્રહ્મા-વિષ્ણુ-શંકર જેવા દેખાતા હોય તોપણ તેને—નમો નહીં. જિનવચનથી વિરુદ્ધ કોઈ વાતને માનો નહીં. ભલે આખું જગત બીજું માને ને તમે એકલા પડી જાઓ તોપણ જિનમાર્ગની શ્રદ્ધાને છોડો નહીં.)

## ૪. અમૂઢદષ્ટિ–અંગનું વર્ણન

આત્માના હિતનો સત્યમાર્ગ જેણે જાણ્યો છે એવો ધર્મી જીવ સાચા–ખોટાની પરીક્ષામાં જરાય મુંઝાતો નથી. સાચા દેવ-ગુરુ-ધર્મને તથા ખોટા દેવ-ગુરુ-ધર્મને બરાબર ઓળખીને તે ખોટા માર્ગની પ્રશંસા પણ છોડે છે. અંતરમાં તો ખોટા માર્ગને દુઃખદાયક જાણીને છોડ્યો જ છે ને મનથી–વચનથી કે કાયાથી પણ તે કુમાર્ગની પ્રશંસા કે અનુમોદના કરતો નથી.

વીતરાગ સર્વજ્ઞ અરિહંત અને સિદ્ધભગવાન સિવાય બીજા કોઈ દેવને તે માને નહીં. રત્નત્રયધારી નિર્ગ્રંથ મુનિરાજ સિવાય બીજા કોઈ કુગુરુને તે માને નહીં. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે વીતરાગધર્મ, તે સિવાય બીજા કોઈ ધર્મને તે મોક્ષનું કારણ માને નહિ ને તેને સેવે નહીં.

આ રીતે, દેવ-ગુરુ-ધર્મ સંબંધી મૂઢતા ધર્મીને હોતી નથી. કુદેવ-કુગુરુ-કુધર્મને માનનારા જીવો સમાજમાં કરોડો મૂઢલોકો વડે પૂજાતા હોય, અરે ! એની પાસે દેવ આવતો હોય તોપણ ધર્મીને માર્ગની શંકા પડતી નથી, તત્ત્વમાં તે મુંઝાતો નથી. નિશ્ચય જે પોતાનું શુદ્ધાત્મસ્વરૂપ તેમાં તો મુંઝાતો નથી ને વ્યવહારમાં એટલે કે દેવ-શાસ્ત્ર-ગુરુ, તત્ત્વ વગેરેના નિર્ણયમાં પણ તે મુંઝાતો નથી. સુખનો માર્ગ એવો વીતરાગી

જૈનમાર્ગ અને દુઃખનો માર્ગ એવા કુમાર્ગો, તેમની અત્યંત ભિન્નતા ઓળખીને કુમાર્ગનું સેવન-પ્રશંસા-અનુમોદના સર્વ પ્રકારે છોડે છે ને સત્યમાર્ગને સેવે છે.

કુમાર્ગને માનનારા જીવો ઘણા હોય ને સાચા માર્ગને જાણનારા જીવો તો થોડા જ હોય પણ તેથી ધર્મી મુંઝાય નહીં કે ક્યો માર્ગ સાચો હશે! અરે! હું એકલો હોઉં તોપણ મારા હિતનો જે માર્ગ મેં જાણ્યો છે તે જ પરમ સત્ય છે ને એવો હિતમાર્ગ બતાવનારા વીતરાગી દેવ-ગુરુ જ સત્ય છે; સ્વાનુભવથી મારું આત્મતત્ત્વ મેં જાણી લીધું છે, તેનાથી વિરુદ્ધ જે કોઈ માન્યતા હોય તે બધી ખોટી છે. આમ, નિઃશંકપણે ધર્મીએ કુમાર્ગની માન્યતાને અસંખ્યપ્રદેશેથી વોસરાવી દીધી છે. તે શુદ્ધદૃષ્ટિવંત જીવ કોઈ ભયથી, આશાથી, સ્નેહથી કે લોભથી કુદેવાદિને પ્રણામ–વિનય કરતો નથી.

અરે જીવ! તને આવું મનુષ્યપણું મળ્યું, આવા સત્ય જૈનધર્મનો યોગ મળ્યો તો હવે આ અવસરમાં તારી વિવેકબુદ્ધિથી સાચા–ખોટાની પરીક્ષા કરીને નિર્ણય કર; આત્માને પરમ હિતકર એવા સર્વજ્ઞભગવાનનાં માર્ગનું સ્વરૂપ સમજીને તેનું સેવન કર.

# ૫ ઉપગૂહન—અંગમાં પ્રસિદ્ધ જિનેન્દ્રભક્ત શેઠની કથા

પાદલિપ્તનગરમાં એક શેઠ રહેતા હતા. તેઓ મહાન જિનભક્ત હતા, સમ્યક્ત્વના ધારક હતા અને ધર્માત્માના ગુણોની વૃદ્ધિ તથા દોષોનું ઉપગૂહન કરવા માટે પ્રસિદ્ધ હતા. પુણ્યપ્રતાપે તેઓ ઘણા વૈભવસંપન્ન હતા. તેમને સાત માળનો મહેલ હતો, તેમાં સૌથી ઉપરના ભાગમાં એક અદ્ભુત ચૈત્યાલય બનાવ્યું હતું. તેમાં રત્નમાંથી બનાવેલ ભગવાન પાર્શ્વનાથની મનોહર મૂર્તિ હતી, તેના ઉપર રત્નજડિત ત્રણ છત્ર હતા. તે છત્રમાં એક નીલમરત્ન ઘણું જ કિંમતી હતું. અંધારામાં પણ તે ઝગઝગાટ કરતું હતું.

હવે, સૌરાષ્ટ્રના પાટલિપુત્ર નગરનો રાજકુમાર કે જેનું નામ સુવીર હતું અને કુસંગને લીધે જે દુરાચારી તેમ જ ચોર થઈ ગયો હતો, તેણે એકવાર શેઠનું જિનમંદિર જોયું અને તેનું મન લલચાયું; ભગવાનની ભક્તિથી નહીં પરંતુ કિંમતી નીલમ રત્ન ચોરી કરવાના ભાવથી.

તેથી, તેણે ચોરલોકોની સભામાં જાહેર કર્યું કે જે કોઈ તે જિનભક્ત શેઠના મહેલમાંથી ઉપરનું રત્ન લાવી આપશે તેને મોટું ઈનામ મળશે.

સૂર્ય નામનો એક ચોર તે માટે તૈયાર થઈ ગયો તેણે

કહ્યું–‘અરે ! ઈન્દ્રના મુગટમાં રહેલું રત્ન પણ હું ક્ષણભરમાં લાવી દઉં ! તો આમાં શી મોટી વાત છે ?’

પણ, મહેલમાંથી એ રત્નને ચોરવું એ કાંઈ સહેલી વાત ન હતી. તે ચોર કોઈ રીતે ન ફાવ્યો તેથી છેવટે એક ત્યાગી શ્રાવકનો કપટી વેષ ધારણ કરીને તે શેઠના ગામમાં પહોંચ્યો. તેની બોલવાની છટાથી તેમજ વ્રત–ઉપવાસ વગેરેના દેખાવથી લોકોમાં તે પ્રસિદ્ધ થવા લાગ્યો. તેને ધર્માત્મા સમજીને જિનભક્ત શેઠે પોતાના ચૈત્યાલયની દેખરેખનું કામ તેને સોંપ્યું. ત્યાગીજી તો એ નીલમણિને દેખતાં આનંદવિભોર થઈ ગયા ને વિચારવા લાગ્યા કે ક્યારે લાગ મળે ને ક્યારે આ લઈને ભાગું !

એવામાં શેઠને બહારગામ જવાનું થયું, તેથી તે બનાવટી શ્રાવકને ચૈત્યાલય સાચવવાની ભલામણ કરીને શેઠે પ્રસ્થાન કર્યું ને ગામથી થોડે દૂર જઈને પડાવ નાંખ્યો.

રાત પડી...સૂર્યચોર ઊઠ્યો...નીલમણિરત્ન ખીસામાં નાખ્યું અને ભાગ્યો...પણ નીલમણીનો પ્રકાશ છૂપો ન રહ્યો; તે અંધારામાં પણ ઝગઝગતો હતો. આથી, ચોકીદારોને શંકા થઈ અને તેને પકડવા તેની પાછળ દોડ્યા. અરે ! મંદિરનો નીલમણિ ચોરીને ચોર ભાગે છે. પકડો..પકડો ! એમ ચારેકોર દેકારો થયો.

હવે, સૂર્યચોરને બચવાનો કોઈ માર્ગ ન રહ્યો એટલે તે

તો જ્યાં જિનભક્ત શેઠનો મુકામ હતો ત્યાં ઘૂસી ગયો. ચોકીદારો તેને પકડવા પાછળ આવ્યા. શેઠ બધો મામલો સમજી ગયા કે આ ભાઈસાહેબ ચોર છે. પણ, ત્યાગી તરીકે પ્રસિદ્ધ 'આ માણસ ચોર છે'—એમ જો લોકોમાં પ્રસિદ્ધ થશે તો ધર્મની નિંદા થશે—એમ વિચારીને બુદ્ધિમાન શેઠે ચોકીદારોને ઠપકો આપતાં કહ્યું—'અરે ! તમે લોકો શું કરી રહ્યા છો ? આ કોઈ ચોર નથી, આ તો 'સજ્જન—ધર્માત્મા' છે. નીલમણિ લાવવાનું તો મેં તેને કહ્યું હતું; તમે મફતનો એને ચોર સમજીને હેરાન કર્યો.'

શેઠની વાત સાંભળીને લોકો શરમાઈને પાછા ચાલ્યા ગયા. આ રીતે, એક મૂર્ખ માણસની ભૂલને કારણે ધર્મની નિંદા થતી હતી તે શેઠને કારણે અટકી—આને ઉપગૂહન કહેવાય છે. જેમ, એક દેડકાનાં દૂષિત થવાથી આખો દરિયો ગંધાઈ જતો નથી તેમ, કોઈ અસમર્થ નબળા મનુષ્ય દ્વારા નાનીશી ભૂલ થઈ જાય તેથી કાંઈ પવિત્ર જૈનધર્મ મલિન થઈ જતો નથી.

જેમ, માતા ઈચ્છે છે કે મારો પુત્ર ઉત્તમ ગુણવાન થાય; છતાં પુત્રમાં કોઈ નાનો-મોટો દોષ દેખાય તો તેને પ્રસિદ્ધ નથી કરતી પણ એવો ઉપાય કરે છે કે તેના ગુણની વૃદ્ધિ થાય. તેમ, ધર્માત્માઓ પણ ધર્મનો અપવાદ થાય તેવું કરતા નથી પણ ધર્મની પ્રભાવના થાય તેવું કરે છે. કોઈ ગુણવાન ધર્માત્મામાં કદાચિત્ દોષ થઈ જાય તો તેને ગૌણ કરીને તેનાં ગુણોને મુખ્ય કરે છે ને એકાંતમાં બોલાવી, તેને

પ્રેમથી સમજાવી, જેમ તેના દોષ દૂર થાય ને ધર્મની શોભા વધે તેમ કરે છે.

લોકો ચાલ્યા ગયા પછી જિનભક્ત શેઠે પણ તે સૂર્યચોરને એકાંતમાં બોલાવીને ઠપકો આપ્યો અને કહ્યું–'ભાઈ ! આવું પાપકાર્ય તને શોભતું નથી; વિચાર તો કર કે તું પકડાયો હોત તો તને કેટલું દુઃખ થાત ? માટે આવા ધંધાને તું છોડ !'

તે ચોર પણ શેઠના આવા ઉમદા વ્યવહારથી પ્રભાવિત થયો ને પોતાના અપરાધની માફી માંગતાં તેણે કહ્યું–'શેઠ ! આપે જ મને બચાવ્યો છે; આપ જૈનધર્મના ખરા ભક્ત છો. લોકોની સમક્ષ આપે જ મને 'સજ્જન-ધર્માત્મા' કહીને ઓળખાવ્યો. તો હવે, હું પણ ચોરી છોડીને ખરેખર સજ્જન ધર્માત્મા થવાનો પ્રયત્ન કરીશ. ખરેખર, જૈનધર્મ મહાન છે, અને આપના જેવા સમ્યગ્દૃષ્ટિ જીવો વડે તે શોભે છે. આ રીતે, તે શેઠના ઉપગૂહનગુણને લીધે ધર્મની પ્રભાવના થઈ.

(આ કથા આપણને એમ શીખવે છે કે સાધર્મીના કોઈ દોષને મુખ્ય કરીને ધર્મની નિંદા થાય તેમ ન કરવું પણ પ્રેમપૂર્વક સમજાવી તેને તે દોષથી છોડાવવો અને ધર્માત્માના ગુણોને મુખ્ય કરીને તેની પ્રશંસાદ્વારા ધર્મની વૃદ્ધિ થાય તેમ કરવું.)

# ૫. ઉપગૂહન–અંગનું વર્ણન

પોતાના ગુણોની પ્રશંસા ન કરે ને બીજાની નિંદા ન કરે, સાધર્મીમાં કોઈ દોષ લાગી ગયો હોય તો તેને ઢાંકે ને તે દોષ દૂર કરવા પ્રયત્ન કરે તથા ગુણની–ધર્મની વૃદ્ધિ થાય એવા ઉપાય કરે—આવો ભાવ તે સમ્યગ્દષ્ટિનું ઉપગૂહન અંગ છે; તેને ઉપબૃંહણ પણ કહેવાય છે.

ધર્માત્માને નિર્માનતા હોય છે એટલે કે પોતાના ગુણ જગતમાં પ્રસિદ્ધ થાય ને પૂજાય એવી ભાવના તેને હોતી નથી; તથા કોઈ સાધર્મીના દોષ પ્રસિદ્ધ કરીને તેને હલકો પાડવાની ભાવના હોતી નથી; પણ ધર્મ કેમ વધે, ગુણની શુદ્ધિ કેમ વધે તેની ભાવના હોય છે. કોઈ અજ્ઞાની કે અશક્તજનોદ્વારા પવિત્ર રત્નત્રયમાર્ગની નિંદાનો પ્રસંગ ઊભો થાય તો ધર્મી તેને દૂર કરે છે, ધર્મની નિંદા થવા દેતા નથી. દોષને દૂર કરવો ને વીતરાગગુણોની વૃદ્ધિ કરવી તે સમ્યક્ત્વનું અંગ છે, એટલે સમ્યગ્દષ્ટિને એવો ભાવ સહેજે હોય છે. જેમ, માતાને પોતાનો પુત્ર વહાલો છે એટલે તે તેની નિંદા સહન કરી શકતી નથી. તેથી તેના દોષ છુપાવીને ગુણ પ્રગટે તેમ ઈચ્છે છે તેમ, ધર્મીને પોતાનો રત્નત્રયધર્મ વહાલો છે, તેથી રત્નત્રયમાર્ગની નિંદાને તે સહી શકતો નથી, એટલે ધર્મની નિંદા દૂર થાય ને ધર્મનો મહિમા પ્રસિદ્ધ થાય એવો ઉપાય તે કરે છે. દોષને

ઢાંકવા—દૂર કરવા અને ગુણને વધારવા—એ બંને વાત પાંચમા અંગમાં આવી જાય છે, તેથી તેને ઉપગૂહન અથવા ઉપબૃંહણ કહેવાય છે.

ધર્માત્મા નિજગુણને ઢાંકે એટલે કે બહારમાં પ્રસિદ્ધિની કામના ન કરે. મારા આત્મામાં મારું કામ થઈ રહ્યું છે—તે બીજાને દેખાડવાનું શું કામ છે? બીજા લોકો મારા ગુણને જાણે તો ઠીક—એવું કાંઈ ધર્મીને નથી. ધર્મી પોતાના આત્મામાં તો પોતાના ગુણની પ્રસિદ્ધિ (પ્રગટ અનુભૂતિ) બરાબર કરે, પોતાના સમ્યક્ત્વાદિ ગુણોને પોતે નિઃશંક જાણે પણ બહારમાં બીજા પાસે તે ગુણોની પ્રસિદ્ધિ વડે માન–મોટાઈ મેળવવાની બુદ્ધિ ધર્મીને હોતી નથી તેમજ બીજા ધર્માત્માઓના દોષને પ્રસિદ્ધ કરીને તેની નિંદા કરવાનો કે તેને હલકો પાડવાનો ભાવ ધર્મીને હોતો નથી; પણ તેના સમ્યક્ત્વાદિ ગુણોને મુખ્ય કરીને તેની પ્રશંસા કરે છે. આ રીતે ગુણની પ્રીતિ વડે પોતામાં ગુણને વધારતો જાય છે ને અવગુણને ઢાંકે છે તથા પ્રયત્ન વડે તેને દૂર કરે છે.

ધર્મીને પોતાને ગુણ ગમે છે ને દોષ ગમતા નથી. બીજા કોઈ ધર્માત્મામાં હીનશક્તિવશ કોઈ દોષ થઈ ગયો હોય તો તે બહાર પાડીને તિરસ્કાર ન કરે પણ યુક્તિથી તેને સુધારે. પણ, આનો અર્થ એવો નથી કે મિથ્યાદૃષ્ટિ ગમે તેવા વિપરીત કુમાર્ગનું પ્રતિપાદન કરે તોપણ તેની ભૂલ પ્રસિદ્ધ ન કરે! મિથ્યામતોમાં તત્ત્વની કેવી વિપરીતતા છે, મિથ્યાદૃષ્ટિ

જીવ કેવી–કેવી ભૂલ કરે છે તે તો બરાબર બતાવે અને સાચું તત્ત્વ કેવું છે તે સમજાવે. જો એમ ન કરે એટલે કે કુમાર્ગનું ખંડન કરીને સત્યમાર્ગનું સ્થાપન ન કરે તો જીવો હિતનો માર્ગ ક્યાંથી જાણે? સાચા ખોટાની ઓળખાણ કરાવવી તેમાં કાંઈ કોઈની નિંદાનો ભાવ નથી. જીવોના હિત માટે સત્યમાર્ગની પ્રસિદ્ધિનો અને અસત્યના નિષેધનો ભાવ તો ધર્મીને આવે છે. ધર્મની નિંદા થતી હોય, દેવ–ગુરુની નિંદા થતી હોય–એવા પ્રસંગે ધર્માત્મા પોતાની શક્તિથી તે દૂર કરે છે.

બધા ધર્મીજીવોના ઉદયભાવ એકસરખા હોતાં નથી. શ્રદ્ધા બધાની સરખી હોય પણ ઉદયભાવ તો અનેક પ્રકારનાં હોય છે. કોઈની પ્રકૃતિમાં ફેર હોય, ક્રોધ–માનાદિ દોષ (ભૂમિકા અનુસાર) થઈ જતા હોય–ત્યાં તેની મુખ્યતા કરીને શાસનની નિંદા ન થવા દે! એ તો ધર્માત્મા છે, જિનેશ્વરદેવના ભક્ત છે, આત્માના અનુભવી છે, સમ્યગ્દૃષ્ટિ છે–એમ ગુણને મુખ્ય કરીને દોષને ગૌણ કરી નાંખે છે, ધર્મની કે ધર્માત્માની નિંદા થવા દેતા નથી. અહા! આ તો પરમ પવિત્ર જૈનમાર્ગ...એકલી વીતરાગતાનો માર્ગ! કોઈ અજ્ઞાની જનો તેની નિંદા કરે તેથી કાંઈ તે મલિન થઈ જતો નથી. આવા માર્ગની શ્રદ્ધામાં સમ્યગ્દૃષ્ટિજીવ અત્યંત નિષ્કંપ વર્તે છે. તલવારની તીખી ધાર જેવી તેની શ્રદ્ધા મિથ્યાત્વની કુયુક્તિઓને હણી નાંખે છે. કોઈ પણ કુયુક્તિઓ વડે તેની શ્રદ્ધા ચલાયમાન થતી નથી. આવા માર્ગને જાણીને જે ધર્મી

થયો છે એવા જીવને કોઈ દોષ થઈ જાય તો તેના ઉપગૂહનની આ વાત છે. જ્યાં ગુણ અને દોષ બંને હોય તેમાં ગુણની મુખ્યતા કરીને દોષને ગૌણ કરવો તે ઉપગૂહન છે. પણ જ્યાં સાચો માર્ગ હોય જ નહીં અને મિથ્યામાર્ગને જ ધર્મ મનાવી રહ્યા હોય તેને તો જગતના હિત માટે પ્રસિદ્ધ કરીને બતાવે કે આ માર્ગ ખોટો છે, દુઃખદાયક છે માટે તેનું સેવન છોડો અને પરમ સત્ય વીતરાગ જૈનમાર્ગને સેવો! પોતામાં પણ રત્નત્રયધર્મની શુદ્ધિ જેમ વધે તેમ કરે. દુનિયા સાથે મારે કામ નથી, મારે તો આત્મામાં શુદ્ધતા વધે ને વીતરાગતા થાય તે જ પ્રયોજન છે. આવી ભાવનાપૂર્વક ધર્મી પોતામાં ધર્મની વૃદ્ધિ કરે છે, તેને ઉપબૃંહણગુણ કહેવાય છે.

ધર્મી જાણે છે કે મારા ગુણ મારામાં છે, મારી અનુભૂતિમાં મારો આત્મા પ્રસિદ્ધ થયો છે—તે હું જાણું છું, દુનિયાને દેખાડવાનું શું કામ છે? શું દુનિયા માને તેથી કાંઈ મારા ગુણની શુદ્ધિ વધે છે? ને દુનિયા ન દેખે તેથી મારા ગુણની શુદ્ધિ અટકી જાય છે?—ના; મારા ગુણ તો મારામાં છે. આમ, ધર્મી પોતાના ગુણનો ઢંઢેરો જગત પાસે નથી પીટતા. કોઈ ધર્માત્માના ગુણોની સહેજે પ્રસિદ્ધિ થાય તે જુદી વાત છે, પણ ધર્મીને તો પાતામાં જ સમાવાની ભાવના છે; 'દુનિયામાં બહાર પડવાનું શું કામ છે?' દુનિયા સ્વીકારે તો જ મારા ગુણ સાચા—એવું કાંઈ નથી ને દુનિયા ન સ્વીકારે તેથી કાંઈ મારા ગુણને નુકશાન થઈ જતું નથી. મારા ગુણ કાંઈ મેં

દુનિયા પાસેથી નથી લીધા, મારા આત્મામાંથી જ ગુણ પ્રગટ કર્યા છે, એટલે મારા ગુણમાં દુનિયાની અપેક્ષા મને નથી. આમ, ધર્મી જગતથી ઉદાસ ને નિજગુણમાં નિઃશંક વર્તે છે.

કોઈને વિશેષ જાતિસ્મરણાદિ જ્ઞાન થાય, જ્ઞાનની શુદ્ધિ સાથે લબ્ધિઓ પણ પ્રગટે, ઘણા મુનિઓને વિશેષ લબ્ધિઓ પ્રગટે, અવધિ–મનઃપર્યયજ્ઞાન પણ થાય છતાં જગતને તેની ખબર પણ ન પડે; એ તો પોતાના આત્માની સાધનામાં મશગુલ વર્તતા હોય. પોતામાં ગુણોની પ્રસિદ્ધિ થઈ ત્યાં આત્મા પોતે પોતાથી જ સંતુષ્ટ ને તૃપ્ત છે. પોતાના ગુણના શાંતરસને પોતે વેદી જ રહ્યો છે, ત્યાં બીજાને બતાવવાનું શું કામ છે? ને બીજા જીવો પણ તેવી અંતર્દૃષ્ટિ વગર ગુણને ક્યાંથી ઓળખશે? આ રીતે ધર્મી પોતાના ગુણોને પોતામાં ગુપ્ત રાખે છે ને બીજા સાધર્મીના દોષને પણ ગોપવીને તે દોષ દૂર કરવાનો ઉપાય કરે છે. ભાઈ! કોઈના અવગુણ પ્રસિદ્ધ થાય તેથી તને શું લાભ છે? અને એનાં અવગુણ પ્રસિદ્ધ ન થાય તેથી તને શું નુકશાન છે? ‘ભેંસના શિંગડાં ભેંસને ભારે,’ ‘જે કરે તે ભોગવશે’—તેમ સામાના ગુણ–દોષનું ફળ એને છે, એમાં તારે શું? માટે સમાજમાં જે રીતે ધર્મની નિંદા ન થાય ને પ્રભાવના થાય તથા પોતાના ગુણોમાં વૃદ્ધિ થાય તે રીતે ધર્મી પ્રવર્તે છે.

કોઈ સાધર્મીથી કોઈ દોષ થઈ ગયો હોય ને ખ્યાલમાં આવી જાય તો તેનો ફંફેરો ન કરે, તિરસ્કાર ન કરે પણ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ગુપ્તપણે બોલાવીને પ્રેમથી સમજાવે કે જો ભાઈ! આપણો જૈનધર્મ તો મહાન પવિત્ર છે. મહાભાગ્યે આવો ધર્મ મળ્યો છે, તેમાં તારાથી આવો દોષ થઈ ગયો પણ તું મુંઝાઈશ નહીં, તારા આત્માના શ્રદ્ધા–જ્ઞાનમાં દૃઢ રહેજે. જિનમાર્ગ મહા પવિત્ર છે, અત્યંત ભક્તિથી તેની આરાધના વડે તારામાં દોષને છેદી નાંખજે. આમ, પ્રેમથી તેને ધર્મનો ઉત્સાહ જગાડીને તેના દોષ દૂર કરાવે છે. દોષને છૂપાવવામાં કાંઈ તેને દોષને ઉત્તેજન આપવાનો હેતુ નથી પણ તિરસ્કારથી તે જીવ નિરુત્સાહિત થઈ ન જાય ને બહારમાં ધર્મની નિંદા ન થાય તે હેતુ છે તથા ગુણની પ્રીતિ વડે શુદ્ધતાનો હેતુ છે. આવું ધર્મીનું ઉપગૂહન તથા ઉપબૃંહણ અંગ છે.

સહજ ચિદાનંદ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# ૬ સ્થિતિકરણ–અંગમાં પ્રસિદ્ધ વારિષેણમુનિની કથા

મહાવીર ભગવાનના વખતમાં રાજગૃહીનગરીમાં શ્રેણીક રાજાનું રાજ્ય હતું. તેમની મહારાણી ચેલણાદેવી, તેનો પુત્ર વારિષેણ જેને ઘણી સુંદર ૩૨ રાણીઓ હતી છતાં તે ઘણો વૈરાગી હતો અને તેને આત્માનું જ્ઞાન હતું.

રાજકુમાર વારિષેણ એક વખત ઉદ્યાનમાં ધ્યાન કરતા હતા એવામાં વિદ્યુત નામનો ચોર એક કિંમતી હાર ચોરીને ભાગતો હતો તે ત્યાં આવ્યો. તેની પાછળ સિપાઈઓ હતા. પકડાઈ જવાની બીકે તે હાર વારિષેણના પગ પાસે ફેંકીને તે ચોર સંતાઈ ગયો. આથી, રાજકુમારને જ ચોર સમજીને રાજાએ તેને ફાંસીની સજા કરી. પણ, જ્યારે જલ્લાદે તેના પર તલવાર મારી ત્યારે વારિષેણની ડોકમાં તલવારને બદલે ફૂલની માળા થઈ ગઈ. છતાં રાજકુમાર તો મૌનપણે ધ્યાનમાં જ હતા. તેણે મનમાં પ્રતિજ્ઞા કરી હતી કે ઉપસર્ગ દૂર થાય તો હું દીક્ષા લઈશ.

આવો ચમત્કાર દેખી ચોરને પસ્તાવો થયો. તેણે રાજાને કહ્યું કે ખરો ચોર હું છું હારની ચોરી મેં કરી છે, આ રાજકુમાર તો નિર્દોષ છે. એ વાત સાંભળી રાજાએ કુંવરની ક્ષમા માંગી અને તેને રાજમહેલમાં આવવા કહ્યું કેમકે એની માતા એની રાહ જોતી હતી.

પણ, વૈરાગી વારિષેણકુમારે કહ્યું–'પિતાજી! આ અસાર સંસારથી હવે બસ થાઓ. આ રાજપાટમાં ક્યાંય મારું ચિત્ત લાગતું નથી. મારું ચિત્ત તો એક ચૈતન્યસ્વરૂપ આત્માને સાધવામાં જ લાગ્યું છે. તેથી, હવે તો હું દીક્ષા લઈને મુનિ થઈશ.' આમ કહીને એક મુનિરાજ પાસે જઈને તેણે દીક્ષા લીધી અને આત્માને સાધવા લાગ્યા.

હવે, રાજમંત્રીનો પુત્ર પુષ્પડાલ હતો, તે બાળપણથી જ વારિષેણનો મિત્ર હતો. તેના લગ્ન હમણાં જ થયા હતા. તેની સ્ત્રી બહુ સુંદર ન હતી. એકવાર વારિષેણમુનિ ફરતાં ફરતાં પુષ્પડાલને ત્યાં આવી પહોંચ્યા ને પુષ્પડાલે તેમને વિધિપૂર્વક આહારદાન કર્યું. આ પ્રસંગે, પોતાના પૂર્વના મિત્રને ધર્મ પમાડવાની ભાવના તે મુનિરાજને જાગી. આહાર કરીને તેઓ તો જંગલ તરફ જવા લાગ્યા; વિનય ખાતર પુષ્પડાલ પણ તેમની પાછળ ગયો. થોડે દૂર ગયા પછી તેને એમ થયું કે હવે મુનિરાજ રોકાઈ જવાનું કહે તો હું પાછો વળું, પણ મુનિ તો દૂર ને દૂર ચાલ્યા જ જાય છે...મિત્રને કહેતા નથી કે હવે તમે રોકાઈ જાવ!

પુષ્પડાલને ઘરે જવાની આકુળતા થવા લાગી. તેણે મુનિરાજને યાદ દેવરાવવાના હેતુથી કહ્યું કે આપણે નાના હતા ત્યારે આ તળાવે આવતા અને કેરીના ઝાડ નીચે સાથે રમતા હતા. આ ઝાડ ગામથી બે ત્રણ માઈલ દૂર છે...આપણે ગામથી ઘણે દૂર આવી ગયા છીએ....

તે સાંભળવા છતાં વારિષેણમુનિએ તેને રોકાઈ જવાનું ન કહ્યું. અહા! પરમ હિતસ્વી મુનિરાજ એને મોક્ષનો માર્ગ છોડીને સંસારમાં જવાનું કેમ કહે? તેમને તો એમ હતું કે મારો મિત્ર પણ મોક્ષના મારગમાં મારી સાથે જ આવે.

હે સખા! ચાલને...મારી સાથ મોક્ષમાં,
છોડ પર ભાવને...ઝૂલ આનંદમાં.
અમે જશું મોક્ષમાં...કેમ તને છોડશું?
ચાલને મોક્ષમાં...તુંય અમ સાથમાં.

અહા! જાણે કે પોતાની પાછળ પાછળ ચાલનારાને મોક્ષમાં જ લઈ જતા હોય એમ પરમનિસ્પૃહતાથી મુનિ તો આગળ ને આગળ ચાલ્યા જાય છે. પુષ્પડાલ પણ લાજે શરમે તેમની પાછળ જઈ રહ્યો છે.

અંતે તેઓ આચાર્યમહારાજ પાસે આવી પહોંચ્યા ને વારિષેણમુનિએ કહ્યું—'પ્રભો! આ મારો પૂર્વનો મિત્ર છે ને સંસારથી વિરક્ત થઈને આપની પાસે દીક્ષા લેવા આવ્યો છે.' આચાર્ય મહારાજે તેને નિકટભવ્ય જાણીને દીક્ષા આપી દીધી. અહા! સાચા મિત્ર તો એ છે કે જે જીવને ભવસમુદ્રથી ઉગારે.

હવે, મિત્રના અનુગ્રહવશ પુષ્પડાલ મુનિ તો થઈ ગયો અને બહારમાં મુનિને યોગ્ય ક્રિયાઓ કરવા લાગ્યો પણ એનું ચિત્ત હજી સંસારથી છૂટ્યું ન હતું. ભાવમુનિપણું હજી તેને થયું ન હતું. દરેક ક્રિયાઓ કરતાં તેને પોતાનું ઘર યાદ આવતું

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



હતું. સામાયિક વખતેય તેને વારંવાર પોતાની સ્ત્રીનું સ્મરણ થયા કરતું હતું. વારિષેણમુનિ તેમના મનને સ્થિર કરવા માટે તેની સાથે જ રહીને તેને વારંવાર ઉત્તમ જ્ઞાન–વૈરાગ્યનો ઉપદેશ દેતા હતા. પણ હજી તેનું મન ધર્મમાં સ્થિર થયું ન હતું.

એમ કરતાં કરતાં ૧૨ વર્ષ વીતી ગયા. એક વાર તે બંને મુનિઓ મહાવીર ભગવાનનાં સમવસરણમાં બેઠા હતા ત્યારે ઈન્દ્રે પ્રભુની સ્તુતિ કરતાં કહ્યું કે હે નાથ! આ રાજપૃથ્વીને છોડીને આપ મુનિ થયા તેથી પૃથ્વી અનાથ થઈને આપના વિરહમાં ઝૂરે છે અને તેના આંસુઓ આ નદીરૂપે વહી રહ્યા છે.

અહા! ઈન્દ્રે તો સ્તુતિ વડે ભગવાનના વૈરાગ્યની સ્તુતિ કરી; પણ જેનું ચિત્ત હજી વૈરાગ્યમાં લાગ્યું ન હતું એવા પુષ્પડાલને તો તે શ્લોક સાંભળીને એમ થયું કે અરે! મારી સ્ત્રી પણ એ પૃથ્વીની જેમ બાર વર્ષથી મારા વગર ઝૂરતી હશે ને દુઃખી થતી હશે. મેં બાર વર્ષથી એનું મોઢું જોયું નથી, મને પણ એના વિના ચેન પડતું નથી. માટે ચાલ, એની સંભાળ કરી આવું. થોડો વખત એની સાથે રહીને પછી દીક્ષા લઈ લઈશ.

આમ વિચારીને પુષ્પડાલ તો કોઈને પૂછ્યા-ગાછ્યા વગર ઘર તરફ જવા લાગ્યો. વારિષેણમુનિ એની ચેષ્ટા સમજી ગયા. તેમના હૃદયમાં મિત્ર પ્રત્યે ધર્મવાત્સલ્ય જાગ્યું; કોઈ પણ રીતે તેને ધર્મમાં સ્થિર કરવો જોઈએ–એમ વિચારીને તેઓ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

પણ તેની સાથે સાથે ચાલ્યા અને તેને લઈને પોતાના રાજમહેલમાં આવ્યા.

મિત્ર સહિત પોતાના કુંવરને મહેલમાં પાછો આવતો દેખીને ચેલણારાણીને આશ્ચર્ય થયું કે વારિષેણ મુનિદશા ન પાળી શકવાથી પાછો આવ્યો કે શું? એમ તેને સંદેહ થયો. તેથી પરીક્ષા માટે તેણે એક લાકડાનું આસન અને બીજું સોનાનું આસન રાખ્યું; પણ વૈરાગી વારિષેણમુનિ તો વૈરાગ્યપૂર્વક લાકડાના જ આસને બેઠા. આથી વિચક્ષણ ચેલણાદેવી સમજી ગઈ કે કુંવરનું મન તો વૈરાગ્યમાં દ્રઢ છે; તેના આગમનમાં બીજો જ કોઈ હેતુ હશે.

વારિષેણમુનિ આવતાં જ તેની ગૃહસ્થાશ્રમની ૩૨ રાણીઓ પણ દર્શનાર્થે આવી. રાજમહેલનો આવો અદ્ભુત વૈભવ અને આવી સુંદર ૩૨ રૂપયૌવનાઓને દેખીને પુષ્પડાલ તો આશ્ચર્ય પામી ગયો કે અરે! આવો રાજવૈભવ અને આવી સુંદર ૩૨ રાણીઓ છતાં આ રાજકુમાર તેની સામે પણ નથી જોતો! તેને છોડ્યા પછી યાદ પણ નથી કરતો ને આત્માને જ સાધવામાં એણે પોતાનું ચિત્ત જોડી દીધું છે. વાહ! ધન્ય છે એને! અને હું તો એક સાધારણ સ્ત્રીનો મોહ પણ મનમાંથી છોડી શકતો નથી. અરેરે! બાર-બાર વર્ષનું મારું સાધુપણું નકામું ગયું.

વારિષેણમુનિએ પુષ્પડાલને કહ્યું : 'હે મિત્ર! હજી પણ જો તને સંસારનો મોહ હોય તો તું અહીં રહી જા અને આ

બધા વૈભવને ભોગવ! અનાદિકાળથી જે સંસારને ભોગવવા છતાં તૃપ્તિ ન થઈ તે એંઠને હજી પણ તું ભોગવવા માંગતો હો તો લે, આ બધું ભોગવ! વારિષેણની વાત સાંભળીને પુષ્પડાલમુનિ અત્યંત શરમાઈ ગયા, એની આંખ ઉઘડી ગઈ, એનો આત્મા જાગી ઊઠ્યો.

રાજમાતા ચેલણા પણ બધી પરિસ્થિતિ સમજી ગઈ અને ધર્મમાં સ્થિર કરવા તેને કહ્યું—'અરે મુનિરાજ! આત્માના ધર્મને સાધવાનો આવો અવસર ફરી ફરી નથી મળતો. માટે, તમારું ચિત્ત મોક્ષમાર્ગમાં જોડો. આ સંસાર તો અનંતવાર ભોગવાઈ ચૂક્યો છે, તેમાં કિંચિત્ સુખ નથી. માટે, તેનું મમત્વ છોડીને મુનિધર્મમાં તમારા ચિત્તને સ્થિર કરો.

વારિષેણ મુનિરાજે પણ જ્ઞાન–વૈરાગ્યનો ઘણો જ ઉપદેશ આપ્યો. હે મિત્ર! હવે તારું ચિત્ત આત્માની આરાધનામાં સ્થિર કર અને મારી સાથે મોક્ષમાર્ગમાં આવ.

પુષ્પડાલે કહ્યું–'પ્રભો! તમે મને મુનિધર્મથી પતિત થતો બચાવ્યો છે ને સાચો બોધ આપીને મને મોક્ષમાર્ગમાં સ્થિર કર્યો છે. સાચા મિત્ર તમે જ છો. આપે ધર્મમાં મારું સ્થિતિકરણ કરીને મહાન ઉપકાર કર્યો છે. હવે મારું મન આ સંસારથી ને આ ભોગોથી ખરેખર ઉદાસીન થયું છે ને આત્માના રત્નત્રય ધર્મની આરાધનામાં સ્થિર થયું છે. સ્વપ્ને પણ હવે આ સંસારની ઈચ્છા નથી. હવે તો અંતરમાં લીન થઈને આત્માના ચૈતન્યવૈભવને સાધશું.'

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



આ પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરીને તે પુષ્પડાલ ફરીને મુનિધર્મમાં સ્થિર થયા...અને બંને મુનિવરો વન તરફ ચાલ્યા....

(વારિષેણ મુનિરાજની આ કથા આપણને એમ શીખડાવે છે કે કોઈ પણ સાધર્મી–ધર્માત્મા કદાચિત્ શિથિલ થઈને ધર્મમાર્ગથી ડગતો હોય તો તેના પ્રત્યે તિરસ્કાર ન કરવો પણ પ્રેમપૂર્વક તેને ધર્મમાર્ગમાં સ્થિર કરવો. તેને સર્વપ્રકારે સહાય કરીને, ધર્મનો ઉલ્લાસ જગાડીને, જૈનધર્મનો પરમ મહિમા સમજાવીને કે વૈરાગ્યભર્યા સંબોધન વડે, હરકોઈ પ્રકારે ધર્મમાં સ્થિર કરવો. તેમ જ, પોતે પોતાના આત્માને પણ ધર્મમાં વધુ ને વધુ સ્થિર કરવો; ગમે તેવી પ્રતિકૂળતામાં પણ ધર્મથી જરાપણ ડગવું નહીં.)

સહજ ચિદાનંદ.

# ૬. સ્થિતિકરણ–અંગનું વર્ણન

કોઈ કષાયવશ, રોગાદિની તીવ્ર વેદનાવશ, કુસંગથી, લોભથી કે અનેકવિધ પ્રતિકૂળતાના પ્રસંગમાં ધર્મી જીવ શ્રદ્ધાથી કે ચારિત્રથી ડગતો હોય કે શિથિલ થતો હોય તો પ્રેમપૂર્વક વૈરાગ્ય–ઉપદેશથી કે બીજા અનેક ઉપાયથી ધર્મમાં તેને સ્થિર કરવો, પોતાના આત્માને પણ ધર્મમાં દૃઢ કરવો ને બીજા સાધર્મીને પણ ધર્મમાં દૃઢ કરવો—તે સ્થિતિકરણ છે.

શરીરમાં કોઈ રોગ આવે, અચાનક મોટી ખોટ જાય, સ્ત્રી-પુત્રાદિનું મૃત્યુ થયું હોય, વિષયોથી મન ચલિત થતું હોય, કોઈ વિશેષ માન-અપમાનનો પ્રસંગ બન્યો હોય, ત્યાં પોતાના પરિણામને શિથિલ થતા દેખે તો ધર્માત્મા તરત જ્ઞાન-વૈરાગ્યની ભાવના વડે પોતાના આત્માને ધર્મમાં દૃઢ કરે કે અરે આત્મા! આ તને શું થયું? આવો મહા પવિત્ર રત્નત્રયધર્મ પામીને આવી કાયરતા તને શોભતી નથી. તું કાયર ન થા. અંતરમાં શુદ્ધ આત્મસ્વરૂપ દેખ્યું છે તેની ફરી ફરીને ભાવના કર. સંસારના દુર્ધ્યાન વડે તો અનંતવાર નરકાદિના તીવ્ર દુઃખો તેં ભોગવ્યાં; માટે, હવે દુર્ધ્યાન છોડ ને ચૈતન્યની ભાવના ભાવ. આમ, અનેક પ્રકારના ચિંતનથી પોતાના આત્માને ધર્મમાં સ્થિર કરે તથા બીજા સાધર્મીજનોને પણ પોતાના જ સમજીને સર્વ પ્રકારની સહાયથી ધર્મમાં સ્થિર કરે.

એવો ભાવ ધર્માત્માને હોય છે. કોઈને ઉપદેશ વડે ઉત્સાહિત કરે, કોઈને ધનથી પણ મદદ કરે, કોઈને શરીરથી સેવા કરે, કોઈને ધૈર્ય આપે, કોઈને અધ્યાત્મની મહાન ચર્ચા સંભળાવે—એમ સર્વ પ્રકારે તનથી-મનથી-ધનથી-જ્ઞાનથી ધર્માત્માની મુંઝવણ મટાડીને તેને ધર્મમાં દૃઢ કરે.

અરે ! અનંતકાળે આવો મનુષ્યભવ ને જૈનધર્મ મળ્યો તેને ચૂકી જશો તો ફરી અનંતકાળે આવો અવસર મળવો કઠણ છે. અત્યારે જરાક પ્રતિકૂળતાનાં દુઃખથી ડરી જઈને જો ધર્મની આરાધના ચૂકી જશો તો સંસારમાં નરકાદિના અનંત દુઃખ પાસે તો આ પ્રતિકૂળતા કાંઈ જ હિસાબમાં નથી. માટે, કાયર થઈને આર્ત્તપરિણામ ન કરો, વીર થઈને ધર્મધ્યાનમાં દૃઢ રહો. આર્ત્તધ્યાનથી તો ઊલ્ટું વધુ દુઃખ થશે. સંસારમાં તો પ્રતિકૂળતા હોય જ, માટે ધૈર્યપૂર્વક ધર્મધ્યાનમાં દૃઢ રહો. તમે તો મુમુક્ષુ છો, ધર્મના જાણનાર છો, જ્ઞાનવાન છો, તો આ પ્રસંગે દીન થવું શોભતું નથી; વીરતાપૂર્વક આત્માને સમ્યક્ત્વાદિની ભાવનામાં દૃઢપણે જોડો...પૂર્વે અનેક મહાપુરુષો—પાંડવો, સીતાજી વગેરે થયા, તેમને યાદ કરીને આત્માને ધર્મની આરાધનામાં ઉત્સાહિત કરો. આમ, પોતાના તેમ જ પરના આત્માને સંબોધન કરીને ધર્મમાં સ્થિર કરે છે, તે સમ્યગ્દૃષ્ટિનું સ્થિતિકરણ અંગ છે. પ્રતિકૂળતા આવે ત્યાં મુંઝાઈ ન જાય તેમ જ બીજા સાધર્મીને મુંઝાવા ન દ્યે. અરે ! મરણ આવે કે ગમે તેટલી પ્રતિકૂળતા આવે પણ હું મારા

ધર્મથી ડગું નહીં, મારા આત્માની આરાધનાને છોડું નહીં— એમ ધર્મી નિઃશંકપણે દ્રઢપરિણામથી પોતાના આત્માને ધર્મમાં સ્થિર રાખે છે. કોઈ ભય બતાવે, લાલચ બતાવે તોપણ ધર્મથી ડગતા નથી. જે જીવ મોક્ષનો સાધક થયો તેના આત્મપરિણામમાં આવી દ્રઢતા હોય છે.

સમ્યગ્દ્રષ્ટિને સમ્યક્ત્વાદિ નિશ્ચયધર્મમાં જેટલી સ્થિરતા છે તેટલો ધર્મ છે, તે વીતરાગભાવ છે; અને બીજા સાધર્મીને ધર્મમાં સ્થિર કરવાનો જે ભાવ છે તે શુભરાગ છે, તે કાંઈ ધર્મ નથી પણ ધર્મીને ધર્મપ્રેમનો તેવો ભાવ આવે છે. શ્રેણિકરાજાના પુત્ર વારિષેણમુનિએ પોતાના મિત્રનું મુનિપણામાં સ્થિતિકરણ કર્યું. તેની કથા આપે વાંચી. આ રીતે સ્થિતિકરણ અંગનું વર્ણન કર્યું.

સહજ ચિદાનંદ.

# ૭ વાત્સલ્ય–અંગમાં પ્રસિદ્ધ વિષ્ણુમુનિની કથા

લાખો વર્ષો પહેલાંની–મુનિસુવ્રત ભગવાનના તીર્થની આ વાત છે. ઉજ્જૈનનગરીમાં ત્યારે શ્રીવર્મા રાજા રાજ્ય કરતા હતા. તેને બલિ વગેરે ચાર મંત્રી હતા. તેઓ નાસ્તિક હતા. તેમને ધર્મની શ્રદ્ધા ન હતી.

એકવાર તે ઉજ્જૈન નગરીમાં સાતસો મુનિઓના સંઘ સહિત અકંપન આચાર્ય પધાર્યા. લાખો નગરજનો આનંદથી મુનિવરોનાં દર્શન કરવા ગયા. રાજાને પણ તેમનાં દર્શન કરવાની ઈચ્છા થઈ તેથી મંત્રીઓને પણ સાથે આવવા કહ્યું. જો કે તે બલિ વગેરે મિથ્યાદૃષ્ટિ મંત્રીઓને તો જૈન મુનિઓ ઉપર શ્રદ્ધા ન હતી પણ રાજાની શરમથી તેઓ પણ સાથે ચાલ્યા.

રાજાએ મુનિઓને વંદન કર્યું પણ જ્ઞાન-ધ્યાનમાં મસ્ત મુનિવરો તો મૌન જ હતા. તે મુનિઓની આવી શાંતિ અને નિસ્પૃહતા દેખીને રાજા તો પ્રભાવિત થયો. પણ, મંત્રીઓ દુષ્ટભાવે કહેવા લાગ્યા કે મહારાજ ! આ જૈન મુનિઓને કાંઈ જ્ઞાન નથી તેથી તેઓ મૌન રહેવાનો ઢોંગ કરે છે ! એ પ્રમાણે નિંદા કરતા કરતા તેઓ જતા હતા ત્યાં રસ્તામાં શ્રુતસાગર નામના મુનિ મળ્યા; તેમનાથી મુનિસંઘની નિંદા સહન ન થઈ. તેથી તેમણે મંત્રીઓ સાથે વાદવિવાદ કર્યો. એ રત્નત્રયધારક મુનિરાજે અનેકાંત–સિદ્ધાંતના ન્યાયો વડે મંત્રીની

કુયુક્તિઓનું ખંડન કરીને તેને મૌન કરી દીધો. આમ, રાજાની હાજરીમાં હારી જવાથી તેને અપમાન લાગ્યું.

અપમાનથી ક્રોધે ભરાયેલા તે પાપી મંત્રીઓ રાત્રે મુનિઓને મારી નાંખવા ગયા. ધ્યાનમાં ઉભેલા મુનિરાજ ઉપર તલવાર ઉગામીને જ્યાં મારવા જાય છે ત્યાં તો એકાએક તેમના હાથ થંભી જ ગયા...રે ! કુદરત આવી હિંસા દેખી શકી નહીં. તલવાર ઉગામેલો હાથ એમને એમ અદ્ધર રહી ગયો ને તેમના પગ પૃથ્વી સાથે ચોંટી ગયા.

સવારમાં લોકોએ આ દૃશ્ય જોયું. રાજાને ચારેય મંત્રીની દુષ્ટતાની ખબર પડી એટલે તેમને ગધેડે બેસાડીને નગર બહાર કાઢી મૂક્યા. યુદ્ધકળામાં કુશળ એવા તે બલિ વગેરે મંત્રીઓ રખડતા-રખડતા હસ્તિનાપુર નગરીમાં જઈ પહોંચ્યા અને ત્યાં રાજાના મંત્રી તરીકે રહ્યા.

હસ્તિનાપુર તે ભગવાન શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ—એ ત્રણ તીર્થંકરોની જન્મભૂમિ છે. આ કથા બની તે વખતે હસ્તિનાપુરમાં ચક્રવર્તીના પુત્ર પદ્મરાજા રાજ્ય કરતા હતા. તેમના એક ભાઈ મુનિ થયા હતા—એમનું નામ વિષ્ણુકુમાર. તેઓ આત્માના જ્ઞાન-ધ્યાનમાં મસ્ત રહેતા. તેમને કેટલીય લબ્ધિઓ પ્રગટી હતી પણ તેમાં તેનું લક્ષ ન હતું; તેમનું લક્ષ તો આત્માની કેવળજ્ઞાનલબ્ધિ સાધવા ઉપર હતું.

સિંહરથ નામનો એક રાજા, આ હસ્તિનાપુરના રાજાનો દુશ્મન હતો અને ઘણા વખતથી હેરાન કરતો હતો; પદ્મરાજા

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



તેને જીતી શકતો ન હતો. અંતે બલિમંત્રીએ યુક્તિથી તેને જીતી લીધો. આથી ખુશી થઈને રાજાએ તેને વચન માંગવા કહ્યું, પણ બલિમંત્રીએ કહ્યું કે જ્યારે જરૂર પડશે ત્યારે માંગીશ.

હવે, અકંપન વગેરે મુનિવરો તો દેશોદેશ વિહાર કરતા કરતા અને ભવ્યજીવોને વીતરાગધર્મ સમજાવતાં-સમજાવતાં હસ્તિનાપુરનગરીમાં આવી પહોંચ્યા. તે અકંપન મુનિવરોને દેખીને બલિમંત્રી ભયથી કાંપી ઊઠ્યો. તેને બીક લાગી કે આ મુનિઓને લીધે અમારાં ઉજ્જૈનનાં પાપ જો પ્રગટ થઈ જશે તો અહીંથી પણ રાજા અપમાન કરીને કાઢી મૂકશે. ક્રોધથી પોતાના વેરનો બદલો લેવાનું તે મંત્રીઓ વિચારવા લાગ્યા.

છેવટે, તે પાપી જીવોએ તે બધા મુનિઓને જીવતા જ બાળી નાંખવાની એક દુષ્ટ યોજના નક્કી કરી. રાજા પાસે વચન માંગવાનું બાકી હતું તે તેમણે માંગ્યું કે મહારાજ! અમારે એક મોટો યજ્ઞ કરવો છે તે માટે અમને સાત દિવસનું રાજ્ય આપો.

પોતાના વચનનું પાલન કરવા રાજાએ તેમને ૭ દિવસ માટે રાજ્ય સોંપી દીધું ને પોતે રાજમહેલમાં જઈને રહ્યો.

બસ! રાજ્ય હાથમાં આવતાં જ તે દુષ્ટ મંત્રીઓએ ‘નરબલિયજ્ઞ’ કરવાનું જાહેર કર્યું ને જ્યાં મુનિવરો બિરાજતા હતા તેની ચારેકોર હિંસા માટે પશુઓ તેમ જ ગંધાતા હાડકાં, માંસ, ચામડા તથા લાકડાંના ઢગલે ઢગલા કર્યા ને તે સળગાવીને મોટો ભડકો કર્યો. મુનિઓની ચારે બાજુ અગ્નિની જ્વાળા પ્રગટી. મુનિવરો પર ઘોર ઉપસર્ગ થયો.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

પણ આ તો મોક્ષના સાધક વીતરાગી મુનિ ! અગ્નિના ભડકા વચ્ચે પણ તે મુનિવરો તો શાંતિથી આત્માના વીતરાગી અમૃતરસનું પાન કરતા હતા. બહારમાં ભલે અગ્નિ પ્રગટ્યો પણ તેમના અંતરમાં તેમણે ક્રોધાગ્નિ જરા પણ પ્રગટ થવા ન દીધો. અગ્નિના ભડકા તો નજીક ને નજીક આવી રહ્યા હતા. લોકોમાં ચારેકોર હાહાકાર થઈ ગયો. હસ્તિનાપુરના જૈનસંઘને અપાર ચિંતા થઈ; મુનિવરોનો ઉપસર્ગ દૂર ન થાય ત્યાં સુધી બધા શ્રાવકોએ પણ અન્ન-પાણીનો ત્યાગ કર્યો.

અરે ! મોક્ષને સાધનારા ૭૦૦ મુનિઓ ઉપર આવો ઘોર ઉપસર્ગ દેખીને કુદરત પણ જાણે ધ્રુજી ઊઠી...આકાશમાં શ્રવણનક્ષત્ર જાણે કંપી રહ્યું હોય એમ એક ક્ષુલ્લકજીને દેખાયું ને તેમના મુખમાંથી હાહાકાર નીકળી ગયો. તેમણે આચાર્ય મહારાજને વાત કરી. આચાર્ય મહારાજે નિમિત્તજ્ઞાનથી જાણીને કહ્યું કે અરે ! અત્યારે હસ્તિનાપુરમાં ૭૦૦ મુનિઓના સંઘ ઉપર બલિરાજા ઘોર ઉપસર્ગ કરી રહ્યો છે ને તે મુનિવરોનું જીવન ભયમાં છે.

ક્ષુલ્લકજીએ પૂછ્યું—‘પ્રભો ! એમને બચાવવાનો કોઈ ઉપાય ?’

આચાર્યે કહ્યું–‘હા; વિષ્ણુકુમાર મુનિરાજ તેમનો ઉપસર્ગ દૂર કરી શકે તેમ છે, કેમકે તેમને એવી વિક્રિયાલબ્ધિ પ્રગટી છે કે જેવડું રૂપ કરવું હોય તેવડું કરી શકે છે; પણ તેઓ તો પોતાની આત્મસાધનામાં એવા લીન છે કે તેમને પોતાની

લબ્ધિની પણ ખબર નથી ને મુનિઓના ઉપસર્ગનીયે ખબર નથી.'

આ સાંભળીને આચાર્યની આજ્ઞા લઈને તે ક્ષુલ્લકજી તરત વિષ્ણુકુમાર મુનિ પાસે ગયા ને તેમને બધી વાત કરીને પ્રાર્થના કરી કે હે નાથ! આપ વિક્રિયાલબ્ધિ વડે આ ઉપસર્ગને શીઘ્ર દૂર કરો.

એ વાત સાંભળતાવેંત વિષ્ણુમુનિના અંતરમાં ૭૦૦ મુનિઓ પ્રત્યે પરમ વાત્સલ્ય ઊભરાયું. વિક્રિયાલબ્ધિની ખાતરી કરવા તેમણે હાથ લંબાવ્યો તો ઠેઠ માનુષોત્તર પર્વત સુધી આખા મનુષ્યલોકમાં તે લંબાયો. તરત તેઓ હસ્તિનાપુર આવી પહોંચ્યા અને પોતાનો ભાઈ કે જે હસ્તિનાપુરનો રાજા હતો તેને કહ્યું—'અરે બંધુ! તારા રાજ્યમાં આ શો અનર્થ?'

પદ્મરાજે કહ્યું : 'પ્રભો! હું લાચાર છું, અત્યારે રાજસત્તા મારા હાથમાં નથી.'

એની પાસેથી બધી વાત જાણીને વિષ્ણુમુનિએ ૭૦૦ મુનિની રક્ષા ખાતર પોતે થોડીવાર મુનિપણું છોડીને એક ઠીંગણા બ્રાહ્મણ પંડિતનું રૂપ લીધું અને બલિરાજા પાસે આવીને અત્યંત મધુર સ્વરે ઉત્તમ શ્લોક બોલવા લાગ્યા.

બલિરાજા એમનું દિવ્યરૂપ દેખીને અને મધુરી વાણી સાંભળીને મુગ્ધ થઈ ગયો. અહો! તમે આવીને મારા યજ્ઞની શોભા વધારી છે! એમ કહીને તેણે તે વિદ્વાનનું સન્માન કર્યું અને જે જોઈએ તે માંગવા કહ્યું.

અહા! અયાચક મુનિ! જગતના નાથ! તે અત્યારે પોતાના ૭૦૦ સાધર્મીઓની રક્ષા ખાતર યાચક બન્યા! આવું છે ધર્મ વાત્સલ્ય! મૂર્ખ રાજાને ક્યાં ખબર હતી કે જેને હું યાચના કરવાનું કહું છું તે જ હમણાં મને ધર્મના દાતાર થશે અને હિંસાના ઘોર પાપમાંથી મારો ઉદ્ધાર કરશે.

તે બ્રાહ્મણવેષધારી વિષ્ણુકુમારે રાજાનું વચન લઈને ત્રણ પગલા જમીન માંગી. રાજાએ ખુશીથી તે જમીન માપી લેવા કહ્યું. બસ થઈ ચૂક્યું! રાજા ઊંચું જુએ છે ત્યાં તો વિષ્ણુકુમારે વામનને બદલે વિરાટ રૂપ ધારણ કર્યું. વિષ્ણુનું એ વિરાટરૂપ દેખીને રાજા તો ચકિત થઈ ગયો. તેને સમજાયું નહીં કે આ શું થઈ રહ્યું છે!

વિરાટસ્વરૂપ વિષ્ણુકુમારે બે પગલામાં તો બલિરાજાનું આખું રાજ્ય માપી લીધું ને બલિરાજાને કહ્યું– ‘બોલ, ત્રીજું પગલું ક્યાં મૂકું? ત્રીજું પગલું મૂકવાની જગ્યા આપ, નહીંતર તારા માથા પર પગ મૂકીને તને પાતાળમાં ઉતારી દઉં છું!’

ઋદ્ધિધારી મુનિરાજની આવી વિક્રિયા થતાં ચારેકોર ખળભળાટ થઈ ગયો; આખું બ્રહ્માંડ જાણે ધ્રૂજી ઊઠ્યું! દેવો અને મનુષ્યોએ આવીને વિષ્ણુકુમાર મુનિરાજની સ્તુતિ કરી અને વિક્રિયા સંકેલી લેવા વિનતી કરી. બલિરાજા વગેરે ચારે મંત્રીઓ મુનિરાજના પગે પડીને પોતાની ભૂલની માફી માંગવા લાગ્યા : પ્રભો, ક્ષમા કરો! મેં આપને ઓળખ્યા નહીં.

વિષ્ણુમુનિરાજે ક્ષમાપૂર્વક તેમને અહિંસાધર્મનું સ્વરૂપ સમજાવ્યું તથા જૈનમુનિઓની વીતરાગી ક્ષમા બતાવીને તેમનો મહિમા સમજાવ્યો અને આત્માના હિતનો પરમ ઉપદેશ આપ્યો. તે સાંભળીને તેઓનું હૃદયપરિવર્તન થયું ને ઘોર પાપની ક્ષમા માંગીને તેમણે આત્માના હિતનો માર્ગ અંગીકાર કર્યો. અહા! વિષ્ણુકુમારની વિક્રિયાલબ્ધિ બલિ વગેરેને ધર્મપ્રાપ્તિનું કારણ બની ગઈ! તે જીવોએ પોતાના પરિણામ ક્ષણમાં પલટી નાંખ્યા. અરે! આવા શાંત–વીતરાગ મુનિઓ ઉપર અમે આવો ઉપસર્ગ કર્યો! ધિક્કાર છે અમને! આમ પશ્ચાત્તાપપૂર્વક તેમણે જૈનધર્મ સ્વીકાર કર્યો. આ રીતે વિષ્ણુમુનિરાજે બલિરાજા વગેરેનો ઉદ્ધાર કર્યો ને ૭૦૦ મુનિઓની રક્ષા કરી.

ચારેકોર જૈનધર્મના જયજયકાર ગાજી ઊઠ્યા. તરત જ હિંસક યજ્ઞ બંધ થઈ ગયો; મુનિવરો ઉપરનો ઉપસર્ગ દૂર થયો. હજારો શ્રાવકો પરમ ભક્તિથી ૭૦૦ મુનિવરોની વૈયાવચ્ચ કરવા લાગ્યા; વિષ્ણુકુમારે પોતે ત્યાં જઈને મુનિઓની વૈયાવચ્ચ કરી અને મુનિવરોએ પણ વિષ્ણુકુમારના વાત્સલ્યની પ્રશંસા કરી. અહા! વાત્સલ્યનું એ દૃશ્ય અદ્‌ભુત હતું! બલિ વગેરે મંત્રીઓએ પણ મુનિઓ પાસે જઈને ક્ષમા માંગી ને ભક્તિથી સેવા કરી.

ઉપસર્ગ દૂર થયો તેથી મુનિઓ આહાર માટે હસ્તિનાપુરી નગરીમાં પધાર્યા. હજારો શ્રાવકોએ અતિશય

ભક્તિપૂર્વક મુનિઓને આહારદાન કર્યું; ત્યાર પછી જ શ્રાવકોએ ભોજન કર્યું. જુઓ, શ્રાવકોનો પણ કેવો ધર્મપ્રેમ! ધન્ય તે શ્રાવકોને ધન્ય તે સાધુઓ!

જે દિવસે આ બનાવ બન્યો તે દિવસે શ્રાવણ સુદ પૂનમ હતી. વિષ્ણુકુમાર મુનિરાજના મહાન વાત્સલ્યને લીધે ૭૦૦ મુનિઓની તથા ધર્મની રક્ષા થઈ તેથી તે દિવસ 'રક્ષાપર્વ' તરીકે પ્રસિદ્ધ થયો, તે આજે પણ ઊજવાય છે.

મુનિરક્ષાનું પોતાનું કામ પૂરું થયું એટલે વેષ છોડીને વિષ્ણુકુમારે ફરીથી મુનિદશા ધારણ કરી અને ધ્યાન વડે પોતાના આત્માને શુદ્ધ રત્નત્રયધર્મ સાથે અભેદ કરીને એવું વાત્સલ્ય કર્યું કે અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામ્યા.

(વિષ્ણુમુનિરાજની આ કથા આપણને એમ શીખવે છે કે ધર્માત્મા સાધર્મીજનોને પોતાના જ સમજીને તેમના પ્રત્યે અત્યંત પ્રીતિરૂપ વાત્સલ્ય રાખવું; તેમના પ્રત્યે આદર-સન્માનપૂર્વક દરેક પ્રકારે મદદ કરવી; તેમના ઉપર કંઈ સંકટ આવી પડે તો પોતાની શકિતથી તેનું નિવારણ કરવું. આ રીતે, ધર્માત્મા પ્રત્યે અત્યંત પ્રીતિસહિત વર્તવું. જેને ધર્મની પ્રીતિ હોય તેને ધર્માત્મા પ્રત્યે પ્રીતિ હોય જ. ધર્માત્મા ઉપરનું સંકટ તે દેખી શકે નહીં.)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



# ૭. વાત્સલ્ય–અંગનું વર્ણન

જેમ, ગાયને પોતાના વાછરડા ઉપર કોઈ જાતની આશા વગર નિરપેક્ષ પ્રેમ આવે છે તેમ, ધર્મીને બીજા સાધર્મીજનો પ્રત્યે સહેજે પ્રેમ આવે છે. તેમને પોતાના જ ગણીને તેમના ઉપર વાત્સલ્ય આવે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રધારક જીવોનો સમૂહ તેને ધર્મીજીવ પોતાના સાચા સ્વજન માને છે. તેમની પ્રાપ્તિ થતાં જાણે કોઈ મહાન નિધાન મળ્યું હોય એવી અત્યંત પ્રીતિ ઊપજે છે. તેમનો આદર, તેમના ગુણની સ્તુતિ, આહાર–પાન, સેવા વગેરેમાં આનંદ માનવો તે વાત્સલ્યઅંગ છે. કપટથી કોઈને દેખાડવા માટે નથી કરતો કે કોઈ બદલાની આશાથી નથી કરતો પણ ધર્મની પ્રીતિને લીધે ધર્મીને એવો પ્રેમભાવ સહેજે આવી જાય છે. જે વીતરાગધર્મને હું સાધું છું તે જ ધર્મને આ સાધી રહ્યા છે, તેથી તે મારા સાધર્મી છે; મારા સાધર્મીને કોઈ દુઃખ ન હો, એને ધર્મમાં કાંઈ વિઘ્ન ન હો—આ પ્રમાણે સાધર્મી પ્રત્યે વાત્સલ્ય હોય છે. આમાં રાગ તો છે પણ તે રાગની દિશા સંસાર તરફથી પલટીને ધર્મ તરફ વાળી દીધી છે. સંસારમાં સ્ત્રી–પુત્ર–પૈસા વગેરેનો રાગ તે તો પાપબંધનું કારણ છે ને સાધર્મી પ્રત્યેના ધર્માનુરાગમાં તો ધર્મની ભાવના પોષાય છે. અંતરંગમાં તો ધર્મીને પોતાના શુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્રસ્વરૂપ આત્મામાં પરમ પ્રીતિ છે, તેને જ પોતાનું સ્વરૂપ જાણે છે, એ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પરમાર્થ વાત્સલ્ય છે ને વ્યવહારમાં રત્નત્રયના ધારક બીજા સાધર્મી જીવોને પોતાના સમજીને તેમના પર પરમ પ્રીતિરૂપ વાત્સલ્ય આવે છે. ધર્માત્મા ઉપર દુઃખ આવે તે સાધર્મી જોઈ ન શકે. દરેક પ્રકારે તેનું દુઃખ મટાડવાનો ઉપાય કરે.

સમ્યગ્દષ્ટિને કોઈ પણ જીવપ્રત્યે વેરભાવ નથી, તો પછી ધર્મી પ્રત્યે તો ઈર્ષા શેની હોય! બીજો જીવ પોતાના કરતાં વધી જાય ત્યાં દ્વેષ ન થાય પણ અનુમોદના પ્રેમ આવે. સાધર્મીને અંદરોઅંદર પ્રેમ હોય. કેવો પ્રેમ?—કે માતાને પુત્ર ઉપર પ્રેમ હોય તેવો નિર્દોષ પ્રેમ, ગાયને વાછડી ઉપર પ્રેમ હોય તેવો નિસ્પૃહ પ્રેમ ધર્મીને સાધર્મી પ્રત્યે હોય. અત્યારે એના દુઃખમાં હું મદદ કરીશ તો ક્યારેક ખરા વખતે તે મને કામમાં આવશે—એવી બદલાની આશા ન રાખે, પણ ધર્મના સહજ પ્રેમથી નિસ્પૃહભાવે ધર્મી પ્રત્યે વાત્સલ્ય રાખે.

જેમ, માતા પોતાના પુત્રનું દુઃખ દેખી શકતી નથી, હરણી પોતાનાં બચ્ચાંના પ્રેમની ખાતર તેની રક્ષા કરવા સિંહની સામે થાય છે. સાચી માતાના પ્રેમની એક વાત આવે છે કે એક બાળક માટે બે સ્ત્રીનો ઝઘડો થયો. ન્યાયાધીશે (સત્યની પરીક્ષા ખાતર) બાળકના બે કટકા કરીને બંનેને એકેક વહેંચી દેવા હુકમ કર્યો; તે સાંભળતાં જ સાચી માતાની તો રાડ ફાટી ગઈ! પુત્રને બચાવવા તેણે કહ્યું—ભલે આખેઆખો પુત્ર એને આપી દો, મારે એના કટકા નથી કરવા. દૃષ્ટાંતમાંથી એટલું લેવાનું છે કે સાચી માતા પુત્રનું દુઃખ જોઈ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શકતી નથી, તેને કુદરતી વાત્સલ્ય ઊભરાય છે. પ્રદ્યુમ્નકુમાર ૧૬ વર્ષે ઘરે આવ્યો ત્યારે રુકિમણીમાતાના હૈયામાં વાત્સલ્યની ધારા ઊભરાણી. તેમ, ખરા પ્રસંગે સાધર્મીનો પ્રેમ છાનો ન રહે. સમ્યગ્દષ્ટિને સમ્યગ્દષ્ટિપ્રત્યે અંતરનો પ્રેમ હોય; એને દેખતાં, એના ગુણની વાત સાંભળતાં પ્રેમ આવે. ધર્મનો પ્રેમ હોય તેને ધર્મીપ્રત્યે પ્રેમ હોય જ કેમ કે ધર્મ અને ધર્મી કાંઈ જુદા નથી. (—न धर्मो धार्मिकैः विना)

આ તો સમ્યગ્દર્શન સહિત આઠ અંગની વાત છે; પરંતુ તે પહેલાં પણ ધર્મના જિજ્ઞાસુને ધર્મ પ્રત્યેનું વાત્સલ્ય, ધર્માત્માનું બહુમાન વગેરે ભાવો હોય છે. મોક્ષનું ખરૂ કારણ તો અંદરમાં પરદ્રવ્યથી ભિન્ન પોતાના આત્માની રુચિ ને જ્ઞાન કરવું તે છે. સમ્યગ્દર્શન વગરના શુભભાવથી મોક્ષમાર્ગ થતો નથી. સમ્યગ્દર્શન પછી પણ જે રાગ છે તે કાંઈ મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ તો સમ્યગ્દર્શનાદિ વીતરાગભાવ જ છે. જ્યાં રાગની ભૂમિકા છે ત્યાં આવા વાત્સલ્યાદિ ભાવો જરૂર આવે છે.

# ૮ પ્રભાવના—અંગમાં પ્રસિદ્ધ વજ્રકુમારમુનિની કથા

અહિક્ષત્રપુરમાં સોમદત્તમંત્રી હતા. તેની સગર્ભા સ્ત્રીને કેરી ખાવાની ઈચ્છા થઈ. હજી કેરી પાકવાની ઋતુ ન હતી, છતાં મંત્રીએ વનમાં જઈને તપાસ કરી તો આખા વનમાં એક ઝાડ ઉપર સુંદર કેરી ઝૂલતી હતી. તેને આશ્ચર્ય થયું! તે ઝાડ નીચે એક જૈનમુનિ બેઠા હતા, તેમના પ્રભાવથી તે ઝાડમાં કેરી પાકી ગઈ હતી. મંત્રીએ ભક્તિપૂર્વક નમસ્કાર કરીને મુનિરાજ પાસેથી ધર્મનું સ્વરૂપ સાંભળ્યું અને અત્યંત વૈરાગ્યવશ તે જ વખતે દીક્ષા લઈને મુનિ થયા ને પર્વતમાં જઈને આત્મધ્યાન કરવા લાગ્યા.

તે સોમદત્તમંત્રીની સ્ત્રી યજ્ઞદત્તાએ પુત્રને જન્મ આપ્યો. તે પુત્રને લઈને મુનિરાજ પાસે ગઈ પણ સંસારથી વિરક્ત મુનિએ તેની સામે જોયું નહીં. તેથી ક્રોધપૂર્વક તે સ્ત્રી બોલી કે જો સાધુ થવું હતું તો મને શા માટે પરણ્યા? મારી જિંદગી કેમ બગાડી? હવે આ પુત્રનું પાલનપોષણ કોણ કરશે? એમ કહીને તેમના પગ પાસે જ બાળકને મૂકીને તે તો ચાલી ગઈ. એ બાળકનું નામ વજ્રકુમાર. તેના હાથમાં વજ્રચિહ્ન હતું.

અરે! વન-જંગલમાં બાળકની રક્ષા કોણ કરશે?

બરાબર તે જ વખતે દિવાકર નામનો વિદ્યાધર રાજા

તીર્થયાત્રા કરવા નીકળેલો, તે મુનિને વંદન કરવા આવ્યો અને અત્યંત તેજસ્વી એવા તે વજ્રકુમારને દેખીને તેડી લીધો. આવા પુત્રરત્નની પ્રાપ્તિ થવાથી રાણી પણ ખુશી થઈ. તેઓ તેને પોતાની સાથે જ લઈ ગયા અને પુત્રની જેમ પાલન કરવા લાગ્યા. ભાગ્યવાન જીવોને કોઈને કોઈ યોગ મળી જાય છે.

વજ્રકુમાર યુવાન થતાં પવનવેગા નામની વિદ્યાધરી સાથે લગ્ન કર્યા ને તેણે અનેક રાજાઓને જીતી લીધા.

થોડા વખતે દિવાકર રાજાની સ્ત્રીને એક પુત્ર થયો. પોતાના આ પુત્રને જ રાજ્ય મળે એવી ઇચ્છાથી તે સ્ત્રીને વજ્રકુમાર પ્રત્યે દ્વેષ થવા લાગ્યો. એકવાર તે એમ બોલી ગઈ કે અરે ! આ કોનો પુત્ર છે ? કે અહીં આવીને હેરાન કરે છે ?

એ સાંભળતાં જ વજ્રકુમારનું મન ઉદાસ થઈ ગયું. તેને ખાતરી થઈ કે મારા સાચા માતા-પિતા તો બીજા છે. વિદ્યાધર પાસેથી તેણે બધી હકીકત જાણી લીધી. તેને ખબર પડી કે મારા પિતા તો દીક્ષા લઈને મુનિ થયા છે. તરત જ વિમાનમાં બેસીને તે મુનિરાજ પાસે ગયો.

ધ્યાનમાં બિરાજમાન સોમદત્ત મુનિરાજને દેખીને તે ઘણો પ્રસન્ન થયો, તેનું ચિત્ત શાંત થયું, વિચિત્ર સંસાર પ્રત્યે તેને વૈરાગ્ય જાગ્યો અને જાણે કે પિતા પાસેથી ધર્મનો વારસો માંગતો હોય ! તેમ પરમ ભક્તિથી વંદન કરીને કહ્યું : ‘હે પૂજ્ય દેવ ! મને પણ સાધુદીક્ષા આપો ! આ સંસારમાં આત્મા સિવાય બીજે ક્યાંય મને ચેન પડતું નથી.’

દિવાકરદેવે દીક્ષા ન લેવા ઘણું સમજાવ્યો પણ તે વજ્રકુમારે તો દીક્ષા જ લીધી. સાધુ થઈને આત્માનું જ્ઞાન-ધ્યાન કરવા લાગ્યા ને દેશોદેશ વિચરીને ધર્મપ્રભાવના કરવા લાગ્યા. એકવાર તેમના પ્રતાપે મથુરાનગરીમાં ધર્મપ્રભાવનાનો મોટો પ્રસંગ બન્યો. શું બન્યું તે જોવા આપણી કથાને મથુરા નગરીમાં લઈ જઈએ.

મથુરાનગરીમાં એક ગરીબ અનાથ બાળકી એઠુંજુઠું ખાઈને પેટ ભરતી હતી. તેને દેખીને એક અવધિજ્ઞાની મુનિ બોલ્યા કે દેખો કર્મની વિચિત્રતા! આ જ છોકરી થોડા વખતમાં રાજાની પટરાણી થશે.

મુનિની એ વાત સાંભળીને બૌદ્ધભિક્ષુક તેને પોતાના મઠમાં લઈ ગયા ને તેનું લાલનપાલન કરવા લાગ્યા. તેનું નામ બુદ્ધદાસી પાડ્યું ને તેને બૌદ્ધધર્મના સંસ્કાર આપ્યા.

હવે, તે જ્યારે યુવાન થઈ ત્યારે તેનું અત્યંત સુંદર રૂપ દેખીને રાજા મોહિત થઈ ગયો અને તેની સાથે લગ્નની માંગણી કરી. પણ, આ રાજાને ઉર્વિલા નામની એક રાણી હતી ને તે જૈનધર્મ પાળતી હતી. તેથી, મઠના લોકોએ કહ્યું કે રાજા પોતે બૌદ્ધધર્મ સ્વીકારે અને બૌદ્ધદાસીને પટરાણી બનાવે તે શરતે લગ્ન કરીએ. કામાંધ રાજાએ તો વગર વિચાર્યે એ વાત સ્વીકારી લીધી. રે ધિક્કાર વિષયોને! વિષયાંધ જીવો સાચા ધર્મથી પણ ભ્રષ્ટ થઈ જાય છે.

હવે, બુદ્ધદાસી રાજાની પટરાણી થઈ, તેથી તે

બૌદ્ધધર્મનો ખૂબ પ્રચાર કરવા લાગી. એક વાર ઉર્વિલારાણી કે જે જૈનધર્મની પરમ ભક્ત હતી, તેણે દર વર્ષની માફક અષ્ટાહ્નિકામાં જિનેન્દ્ર ભગવાની મોટી અદ્‌ભુત રથયાત્રા કાઢવાની તૈયારી કરી. પણ બુદ્ધદાસીથી તે સહન ન થયું. તેણે રાજાને કહીને તે રથયાત્રા અટકાવી અને બૌદ્ધની રથયાત્રા પહેલાં કાઢવાનું કહ્યું. અરેરે! જૈનધર્મના પરમ મહિમાની એને ક્યાંથી ખબર હોય! ગાયનું દૂધ અને આકડાનું દૂધ—તેના તફાવતને બેભાન માણસ ક્યાંથી જાણે?

ભગવાનની રથયાત્રામાં વિઘ્ન થવાથી ઉર્વિલારાણીને બહુ દુઃખ થયું અને રથયાત્રા ન નીકળે ત્યાં સુધી અનશનવ્રત ધારણ કરીને તે વનમાં સોમદત્તમુનિ તથા વજ્રકુમારમુનિના શરણમાં પહોંચી ગઈ અને પ્રાર્થના કરી કે હે પ્રભો! જૈનધર્મ ઉપરનું સંકટ આપ દૂર કરો.

રાણીની વાત સાંભળીને વજ્રમુનિરાજના અંતરમાં ધર્મપ્રભાવનાનો ભાવ ઉલ્લસી આવ્યો. બરાબર એ જ વખતે દિવાકર રાજા વગેરે વિદ્યાધરો ત્યાં મુનિવંદન કરવા આવ્યા. વજ્રકુમાર મુનિએ તેમને કહ્યું: 'રાજન્! તમે જૈનધર્મના પરમ ભક્ત છો ને ધર્મ ઉપર મથુરાનગરીમાં સંકટ આવ્યું છે તે દૂર કરવા તમે સમર્થ છો. ધર્માત્માઓને ધર્મની પ્રભાવનાનો ઉત્સાહ હોય છે. તનથી, મનથી, ધનથી, શાસ્ત્રથી, જ્ઞાનથી, વિદ્યાથી સર્વપ્રકારે તે જૈનધર્મની વૃદ્ધિ કરે છે ને ધર્માત્માઓ ઉપરનાં સંકટ દૂર કરે છે.'

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



દિવાકર રાજાને ધર્મનો પ્રેમ તો હતો જ, તેમાં વળી મુનિરાજના ઉપદેશથી તેને પ્રેરણા મળી; તરત જ મુનિરાજને નમસ્કાર કરીને ઉર્વિલારાણી સાથે બધા વિદ્યાધરો મથુરા આવી પહોંચ્યા અને ધામધૂમથી જિનેન્દ્રદેવની રથયાત્રા કાઢી. હજારો વિદ્યાધરોનો પ્રભાવ દેખીને રાજા અને બુદ્ધદાસી પણ આશ્ચર્ય પામી ગયા અને જૈનધર્મથી પ્રભાવિત થઈને આનંદપૂર્વક તેમણે જૈનધર્મ અંગીકાર કરીને પોતાનું કલ્યાણ કર્યું તથા સત્યધર્મ પમાડવા માટે ઉર્વિલારાણીનો ઉપકાર માન્યો. ઉર્વિલારાણીએ તેમને જૈનધર્મના વીતરાગી દેવ-ગુરુનો અપાર મહિમા સમજાવ્યો. મથુરાનગરીના હજારો જીવો પણ આવી મહાન પ્રભાવના દેખીને આનંદિત થયા ને બહુમાનપૂર્વક જૈનધર્મની ઉપાસના કરવા લાગ્યા. આ રીતે, વજ્રકુમારમુનિ દ્વારા અને ઉર્વિલારાણી દ્વારા જૈનધર્મની મહાન પ્રભાવના થઈ.

નમઃ જ ચિદાનંદ.

(વજ્રકુમારમુનિરાજની આ કથા આપણને જૈનધર્મની સેવા કરવાનું અને અત્યંત મહિમાપૂર્વક તેની પ્રભાવના કરવાનું શીખડાવે છે. તન-મન-ધનથી, જ્ઞાનથી શ્રદ્ધાથી સર્વપ્રકારે ધર્મ ઉપરનું સંકટ દૂર કરી, ધર્મનો મહિમા પ્રસિદ્ધ કરવો અને ધર્મની વૃદ્ધિ કરવી. તેમાં પણ આ જમાનામાં ખાસ કરીને જ્ઞાનસાહિત્ય દ્વારા ધર્મપ્રભાવના કરવા યોગ્ય છે.)

આઠ અંગની આઠ કથાઓ પૂરી થઈ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# ૮. પ્રભાવના–અંગનું વર્ણન

જિનમાર્ગદ્વારા પોતાના જ્ઞાનાનંદસ્વભાવી આત્માને જાણીને તેની 'પ્રભાવના' ઉત્કૃષ્ટભાવના તો ધર્મી કરે જ છે ને વ્યવહારમાં પણ આવા જિનમાર્ગનો મહિમા જગતમાં કેમ પ્રસિદ્ધ થાય ને જગતના જીવો ધર્મ કેમ પામે–એવો પ્રભાવનાનો ભાવ ધર્મીને હોય છે. તે પોતાની સર્વશક્તિથી, જ્ઞાન-વિદ્યા-વૈભવ-તન-મન-ધન-દાન-શીલ-તપ વગેરેથી ધર્મપ્રભાવના કરે છે. કોઈ વિશેષ શાસ્ત્ર દ્વારા, તીર્થ દ્વારા, ઉત્તમ જિનાલય દ્વારા તથા અનેક મહોત્સવ દ્વારા પણ પ્રભાવના કરે છે. અત્યારે તો જીવોને સાચું તત્ત્વજ્ઞાન મળે તેવી પ્રભાવનાની ખાસ જરૂર છે. શ્રી કુંદકુંદાચાર્યદેવે શ્રી સમયસાર વગેરે અધ્યાત્મશાસ્ત્રોની રચના દ્વારા જિનશાસનની મહાન પ્રભાવના કરી છે ને લાખો જીવો ઉપર ઉપકાર કર્યો છે. શ્રી સમંતભદ્રસ્વામી, શ્રી અકલંકસ્વામી વગેરેએ પણ જૈનધર્મની મહાન પ્રભાવના કરી છે.

ધર્મ ઉપર સંકટ આવે ત્યાં ધર્મી જીવ ઝાલ્યો ન રહે. જેમ શૂરવીરયોદ્ધો યુદ્ધમાં છાનો ન રહે તેમ ધર્માત્મા ધર્મ પ્રસંગે છાનો ન રહે! ધર્મનો મહિમા પ્રસિદ્ધ થાય એવા કાર્યોમાં તે ઉત્સાહથી પોતાની મેળે જ વર્તે. દેવ-ગુરુ-શાસ્ત્રના કાર્યોમાં, તીર્થોના કાર્યમાં કે સાધર્મીજનોના કાર્યમાં પોતાની શક્તિઅનુસાર હોંશથી પ્રવર્તે. આવો શુભરાગ હોય છે, છતાં

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



તેની મર્યાદા પણ જાણે છે કે આ રાગ છે તે કાંઈ મને મોક્ષનું સાધન નથી. રાગ વડે મને કે બીજાને લાભ નથી. એટલે તેને રાગની ભાવના નથી પણ વીતરાગમાર્ગની પ્રભાવના અને પુષ્ટિની જ ભાવના છે. અહા! આવો સુંદર વીતરાગમાર્ગ ને આવા માર્ગને સાધનારા આ મારા સાધર્મી ભાઈ! આમ પોતાના સાધર્મી ભાઈ-બેન પ્રત્યે ઉમળકો આવે છે. તે સાધર્મીનો અપવાદ થવા ન દે. વાહ! જુઓ તો ખરા! અંતર્દૃષ્ટિપૂર્વક વીતરાગમાર્ગમાં વ્યવહારનો પણ કેટલો વિવેક છે! આવો વ્યવહાર પણ અંદરમાં યથાર્થ માર્ગનું ભાન કરે તેને જ સમજાય છે. સમ્યક્ત્વના આ આઠે અંગ દ્વારા ધર્મી જીવ પોતામાં વીતરાગમાર્ગની પુષ્ટિ કરે છે ને સર્વ પ્રકારે તેની પ્રભાવના કરે છે. પ્રભાવના-અંગ માટે વજ્રમુનિનું ઉદાહરણ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. આ રીતે સમ્યક્ંત્વના આઠ અંગ કહ્યા. આવા આઠગુણો સહિત શુદ્ધ સમ્યક્ત્વને આરાધવું અને તેનાથી વિરુદ્ધ શંકાદિ આઠદોષોનો ત્યાગ કરવો.

સમ્યગ્દૃષ્ટિને જ માર્ગની સાચી પ્રભાવના હોય છે. જેણે ધર્મનું સાચું સ્વરૂપ જાણ્યું હોય તે જ તેની પ્રભાવના કરી શકે. ધર્મને જે ઓળખતો જ નથી તે પ્રભાવના શેની કરશે? અહો! જિનમાર્ગ કોઈ અદ્ભુત અલૌકિક છે; ઈન્દ્રો, ચક્રવર્તીઓ ને ગણધરો પણ જેને ભક્તિથી આદરે છે એ વીતરાગમાર્ગની શી વાત! આવો માર્ગ અને તેને આદરનારા સાધર્મીઓનો યોગ મળવો બહુ દુર્લભ છે. આવા માર્ગને પામીને પોતાનું હિત કરી લેવા જેવું છે. જેટલો રાગભાવ છે

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



તેને ધર્મી પોતાના સ્વાત્માકાર્યથી ભિન્ન જાણે છે ને નિશ્ચય સમ્યક્ત્વાદિ વીતરાગભાવને જ સ્વધર્મ જાણીને આદરે છે. ધર્મનું આવું સ્વરૂપ સમજીને તેની પ્રભાવના કરે છે. જેઓ એકલા વ્યવહારના શુભવિકલ્પોને જ ધર્મ માની લ્યે છે ને રાગ વગરના નિશ્ચયધર્મને સમજતા નથી તેઓને તો પોતામાં પણ જરાય ધર્મ નથી, એટલે સાચી ધર્મપ્રભાવના પણ તેમને હોતી નથી. પોતામાં ધર્મ હોય તો તેની પ્રભાવના કરે ને ? અહીં તો અંતરમાં પોતાના શુદ્ધાત્માનો અનુભવ કરીને નિશ્ચયધર્મ સહિતના વ્યવહારની વાત છે. અરે ! વીતરાગના સત્યમાર્ગને ભૂલીને અજ્ઞાનથી કુમાર્ગના સેવનવડે જીવો પોતાનુ અહિત કરી રહ્યા છે, તેઓ જ્ઞાનવડે સાચો માર્ગ પામે અને પોતાનું હિત કરે એવી ભાવનાથી ધર્મીજીવ જ્ઞાનના પ્રચારવડે સત્યધર્મની પ્રભાવના કરે છે. સત્યમાર્ગ પોતે જાણ્યો છે તેની પ્રભાવના કરે છે.

આત્મા પરદ્રવ્યોથી ભિન્ન, શાંત–વીતરાગ–ચિદાનંદ સ્વભાવરૂપ છે. તેને ઓળખીને તેમાં ‘આ જ હું છું’ એવો ભાવ તે નિશ્ચય સમ્યગ્દર્શન છે.

શરીર-મન-વાણી તથા રાગ-દ્વેષથી પાર થઈને અંતરમાં પોતાના શુદ્ધ એકત્વસ્વરૂપમાં સ્વસન્મુખ દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે, તે મોક્ષમહેલનું પહેલું પગથિયું છે, ત્યાંથી જ મોક્ષમાર્ગરૂપ ધર્મની શરૂઆત થાય છે. જન્મ–મરણના નાશના ઉપાયમાં પહેલું જ સમ્યગ્દર્શન છે; એના

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

વગરનું બધુંય જાણપણું ને બધી ક્રિયાઓ નિરર્થક છે. કોઈ પુણ્યથી–શુભરાગથી આવું સમ્યગ્દર્શન થતું નથી; અંતરમાં શુદ્ધતત્ત્વ છે તેને જ્ઞાનમાં–અનુભવમાં લઈને નિઃશંક શ્રદ્ધા કરતાં સમ્યગ્દર્શન થાય છે. આવા નિશ્ચય સમ્યગ્દર્શનની સાથે સાચા દેવ-ગુરુ-ધર્મની ઓળખાણ, નવતત્ત્વની ઓળખાણ તથા નિઃશંકતાદિ આઠ ગુણ વગેરે વ્યવહાર કેવો હોય છે તે બતાવ્યું. આ જાણીને મુમુક્ષુ જીવોએ આઠ અંગ સહિત શુદ્ધ સમ્યક્ત્વને ધારણ કરવું.

## સમ્યક્ત્વ કથા (ગુજરાતી)

### પ્રસ્તુત આવૃત્તિના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશી

રૂા. ૫000/– બાપાલાલ સી. શાહ, વઢવાણ-રાજકોટ

રૂા. ૧૧૧૧/– જ્ઞાનેશ રસિકલાલ શાહ
હ. ડૉ. વિભાબેન, રાજકોટ

રૂા. ૧૧૧૧/– ડૉ. ઋત્વિક હ. ડૉ. વિભાબેન

રૂા. ૧૧00/– ધ્વનિ સાહીલ શાહ, અમદાવાદ
હ. ચેતન અનંતરાય શાહ

રૂા. ૧000/– કુસુમબેન નવનીતલાલ દોશી, સોનગઢ

રૂા. ૧000/– લતાબેન અનંતરાય શાહ, જલગાંવ


અનુભૂતિ તીર્થ મહાન, સ્વર્ણપુરી સોહે
યહ કહાનગુરુ વરદાન, મંગલ મુક્તિ મિલે.